# અલ મુન્તઝર

શાબાનુલ મોઅઝ્ઝમ ૧૪૨૫ વિશેષ અંક

**ક્યાં છે સફળતાના દિવસના માલિક અને હિદાયતનો પરચમ ફરકાવનાર?**

# ઝિયારતે આલે યાસીનનો ભાવાર્થ

આપની સમક્ષ છેલ્લા બે વરસથી અમે ઝિયારતે આલે યાસીનની વિસ્તૃત છણાવટ કરી રહ્યા છે. હવે આ ક્રમને આગળ વધારીને આ ઝિયારતની બાકીની છણાવટ રજુ કરશું.

## اَلسَّلَامُ عَلَيْکَ حِيْنَ تَرْكَعُ وَ تَسْجُدُ (૨૦)

''સલામ થાય આપ ઉપર જ્યારે આપ રૂકુઅ અને સજદહ કરો છો.''

જો કે રૂકુઅ અને સજદહ નમાઝના ભાગ છે. આ ઝિયારતના અગાઉના ભાગમાં અમે ઈમામે ઝમાના (અ.સ.) ની બારગાહમાં السلام عليك حين تصلّى ના શિર્ષક હેઠળ સલામ રજુ કરી હતી. કદાચ આ બન્ને અમલના મહત્વના કારણે તેની ખાસ ચર્ચા કરવામાં આવી છે. અથવા શક્ય છે કે હઝરતના લંબાણ પૂર્વકના રૂકુઅ અને સજદહઓની તરફ ઈશારો છે. આપના માનનીય દાદા હઝરત મુસા બીન જઅફર (અ.સ.) એ પણ ઝુહુરની દોઆની સાથે સાથે આપના રૂકુઅ અને સજદાઓની વાત કરી છે. યહ્યા બીન ફઝલ નવફલી રિવાયત નકલ કરે છે કે તે બગદાદમાં ઈમામ કાઝીમ (અ.સ.)ની ખીદમતમાં હાજર થયા. હઝરતની અસ્રની નમાઝ પુરી થઈ ચૂકી હતી. પ્રણાલીકા મુજબ ઈમામે પોતાના બન્ને હાથોને આસમાન તરફ ઉંચા કર્યા અને આ વાક્યો બોલ્યા :

اَنْتَ الْاَوَّلُ وَالْآخِرُوَالظَّاهِرُ وَ الْبَاطِنُ

''તુંજ પહેલો, છેલ્લો, જાહેર અને છુપો છે.''

આ વાક્ય આપે દસ વખત દોહરાવ્યું. ખુદાવન્દે મોતઆલને જુદી જુદી રીતે આવીજ રીતે યાદ કર્યા પછી આપે દોઆ કરી.

اَسْئَلُكَ بِاسْمِكَ الْمَكْنُوْنِ الْمَخْزُوْنِ الْحَيِّ الْقَيُّوْمِ
اَلَّذِىْ لَا يَخِيْبُ مَنْ سَأَلَكَ بِهٖ اَنْ تُصَلِّىَ عَلٰى مُحَمَّدٍ
وَ آلِهٖ وَ اَنْ تُعَجِّلَ فَرَجَ الْمُنْتَقِمِ لَكَ مِنْ اَعْدَآئِكَ وَ
اَنْجِزْ لَهٗ مَا وَعَدْتَهٗ يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ

''હું તારી પાસે સવાલ કરૂં છું તારા આ અમૂલ્ય અને છુપાએલા નામના વાસ્તાથી, જે જીવંત અને હંમશ માટે છે. તે નામ કે જે કોઈએ પણ તને તે નામથી યાદ કર્યો તે ક્યારે પણ નિરાશ નથી થયો. તું સલવાત મોકલ મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર અને તારા દુશ્મનો સામે બદલો લેનારનો ઝુહુર જલ્દીથી જલ્દી કર અને જે કાંઈ વાયદો તેં તેમની સાથે કર્યો છે તે પૂરો કર.''

રાવી કહે છે કે મેં અરજ કરી : ''આ પ્રકારની દોઆ આપ કોના માટે કરી રહ્યા છો?''

ذَاكَ الْمَهْدِىُّ مِنْ آلِ مُحَمَّدٍ

''તેઓ આલે મોહમ્મદ (સ.અ.વ.) ના મહદી (અ.સ.) છે.''

તે પછી ઈમામે કાઝીમ (અ.સ.) ઈમામે ઝમાના (અ.સ.) ની વધુ પ્રસંશા કરતાં કહ્યું :

بِاَبِىْ اَسْمَرَ اللَّوْنِ يَعْتَوِرُهٗ مَعَ سُمْرَتِهٖ صُفْرَةٌ مِنْ سَهَرِ
اللَّيْلِ بِاَبِىْ مَنْ لَيْلَهٗ يَرْعٰى النُّجُوْمَ سَاجِدًا وَ رَاكِعًا

''મારા બુઝુર્ગ પિતા ફીદા થાય આપના ઘઉંવર્ણા ચહેરા ઉપર કે જેને રાતના ઉજાગરાઓએ પીળો કરી દીધો છે. મારા બુઝુર્ગ પિતા ફીદા થયા આ રાતના સિતારાઓના રક્ષક ઉપર (એટલે નમાઝે શબ માટે તત્પર) (એ રાતો જે સતત) રૂકુઅ અને સજદહની સ્થિતિમાં પસાર કરવામાં આવે છે.''

(બેહારૂલ અન્વાર, ભાગ - ૮૬, પાના નં. ૮૧)

ઉપરની હદીસોમાં ઈમામે ઝમાના (અ.સ.) ની રૂકુઅ અને સજદહની ચર્ચા રાતની ચૂપકીદી અને અંધકારથી કરવામાં આવી છે. માત્ર ખૂદાજ જાણે છે કે તેનું સર્વશ્રેષ્ઠ સર્જન (એટલે ઈમામ ઝમાના અ.સ.) ક્યા રહસ્યો અને ભેદમાં લીન છે. શું વાત કરવી તે રૂકુઅની અને શું વાત કરવી તે સજદહની જે ઝુલજલાલના માટે રજુ કરવામાં આવી રહ્યા છે. અહિં બીજી એક બાબત ઉપર ધ્યાન દોરવું જરૂરી છે કે આ હદીસના શબ્દો مَنْ لَيْلَهٗ يَرْعٰى النُّجُوْمَ નો અર્થ એ છે કે અલ્લાહ તઆલાને એ વાત પસંદ છે કે ઈન્સાન હંમેશા નમાઝની હિફાઝત કરે અને પરવરદિગારની ઈબાદતમાં લીન રહે. બીજા શબ્દોમાં માણસને આસમાનના

સિતારાઓ અને કરામતોનો અલ્લાહની ઇબાદતમાં ઉપયોગ કરે. મુલ્લા મોહસીન ફયઝે કાશાનીએ એક રિવાયતમાં આ રીતે નોંધ કરી છે. રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે :

اَحَبُّ عِبَادِ اللّٰهِ اِلَى اللّٰهِ الَّذِيۡنَ يُرَاعُوۡنَ الشَّمۡسَ

وَالۡقَمَرَ وَ الۡاَظِلَّةَ لِذِكۡرِ اللّٰهِ

''એટલે કે અલ્લાહના બંદાઓમાં સૌથી વધુ પ્રિય બંદો એ છે કે જે અલ્લાહના ઝીક્ર માટે સૂરજ, ચાંદ, અને છાંયડાઓના વિચારોમાં ડૂબેલો રહે છે (તેની ઇબાદત માટે).''

(ખુલાસતુલ અઝકાર, પા. ૬)

## (૨૧) السّلام عليك حِيۡنَ تُهَلِّلُ وَ تُكَبِّرُ

''સલામ થાય આપ ઉપર જ્યારે આપ તહલીલ (لااِلٰهَ اِلَّا الله) અને તકબીર (الله اكبر) કહો છો.'' તહલીલ અને તકબીર (અલ્લાહની) પવિત્ર જાતની વહદાનીય્યતની નિશાની છે. ઇસ્લામની સચ્ચાઇ અને તેના માનવ પ્રકૃતિનો દીન હોવાની જાહેરાત છે. એક વખત એક જરથોસ્તી (પારસી) યુવાનને મરહુમ આયતુલ્લાહ આકા હુસયને તબાતબાઇ બુરૂજર્દી પાસે હાજર કરવામાં આવ્યો અને લોકોએ કહ્યું કે તે ઇસ્લામ લાવવા ચાહે છે. આકાએ બુરૂજર્દીએ તેને સવાલ કર્યો, એવી કઇ બાબત છે કે જેણે તને ઇસ્લામ ધર્મ તરફ પ્રેર્યો? તેણે જવાબ આપ્યો, ''તેની સચ્ચાઇ અને તેનું પ્રકૃતિ મુજબનું હોવું.'' આકા બુરૂજર્દીએ તેને હુકમ આપ્યો. કહો لااِلٰهَ اِلَّا الله તે જવાન કહે છે, આકાએ આ વાક્યને એવી ભવ્યતા અને હેબતથી કહ્યું કે મેં આખી જીંદગીમાં આ પ્રકારની તહલીલ કોઇ પાસેથી સાંભળી ન હતી. જે સમયે આપ لااِلٰهَ اِلَّا الله કહી રહ્યા હતા ત્યારે હું ખુદાવન્દે મોતઆલની વહદાનીય્યત (એક હોવા)નો એહસાસ કરી રહ્યો હતો. જ્યારે ઇમામે ઝમાના (અ.સ.)ના એક સામાન્ય નાએબની જીભમાં આટલી અસર છે, ત્યારે શું વાત કરવી એ ઇમામની કે જેણે ખુદાવન્દે સુબ્બુહની તહલીલ, તસ્બીહ અને તકબીર એ સમયે કરી કે જ્યારે કોઇ સર્જન હતું જ નહિ. એ ઇમામ કે જેણે ફરિશ્તાઓ અને ખાસ નજદિકના મલાએકાઓને તસ્બીહ અને તહલીલનું શિક્ષણ આપ્યું.

(વધુ વિગત માટે બેહારૂલ અન્વાર, ભાગ - ૧૮, પા. ૩૪૫, ''એલુલશરાએ'', ઓયુને અખ્બારે રેઝા અ.સ.)

એ ખુદા! અમને તૌફીક આપ કે અમે ઇમામે ઝમાના (અ.સ.) ની પવિત્ર ઝબાનથી સીધે સીધી ખુદાની તહલીલ અને તસ્બીહ સાંભળીએ જો કે અમારા કાન હરામ સાંભળવા માટે ટેવાએલા છે તેથી તે એ માટે લાયક નથી કે તેને (તે) આવી વાતો સાંભળે. એ ખુદા! અમને તૌફીક આપ કે અમે અમારા ઇમામની સામે તકબીર અને તહલીલ કહેવાનો લાભ ઉઠાવીએ.

ઇમામ બાકીર (અ.સ.) ફરમાવે છે :

"وَ مَنۡ كَبَّرَ بَيۡنَ يَدَيِ الۡاِمَامِ وَ قَالَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

وَحۡدَهٗ لَا شَرِيۡكَ لَهٗ كَتَبَ اللّٰهُ لَهٗ رِضۡوَانَهُ الۡاَكۡبَرَ وَ مَنۡ

يَّكۡتُبِ اللّٰهُ لَهٗ رِضۡوَانَهُ الۡاَكۡبَرَ يَجۡمَعۡ بَيۡنَهٗ وَ بَيۡنَ

اِبۡرَاهِيۡمَ وَ مُحَمَّدٍ وَالۡمُرۡسَلِيۡنَ فِيۡ دَارِ الۡجَلَالِ"

''જેણે ઇમામની સામે તકબીર અને તહલીલ કહી, અલ્લાહ તેના માટે રીઝવાને અકબર (એટલે કે સૌથી વધુ ખુશી) લખી દેશે. તેને પયગમ્બર ઇબ્રાહીમ (અ.સ.), હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને બાકીના નબીઓ અને રસુલો સાથે દારે જલાલમાં રાખશે.''

(તફસીરે બુરહાન,ભા.૩, પા.૨૩૯,કુરઆન આ. لِيَقُوۡمَ النَّاسُ بِالۡقِسۡطِ)

હા, હુજ્જતે હકના દીદાર તેની તકબીર છે, હા, વલીયુલ્લાહની ઝિયારત તેની તહલીલ છે. કારણ કે તે (ઇમામે ઝમાના અ.સ.) ખુદાની દરેક મહાનતા અને ભવ્યતાનું મથક છે અને અલ્લાહની વહદાનીય્યતના સુકાની છે. આહ! ક્યારે આવશે તે પળ કે જ્યારે અમારી આંખો ખુદાવન્દે મોતઆલના સાચા તકબીર અને તહલીલ કરનારની ઝિયારતથી પ્રકાશિત થશે? જ્યારે અમારા દીલ આપને જોઇને તરતજ ઝુમી ઉઠશે અને અનાયાસે આ અવાજ નીકળશે. 'الله اكبر' 'لااِلٰهَ اِلَّا الله'આહ! ક્યારે આવશે તે સમય જ્યારે અમે આપના પવિત્ર હોઠો ઉપરથી આ સૂર 'الله اكبر' 'لااِلٰهَ اِلَّا الله' સાંભળીને રડીને અરજ કરીએ.

اَلسَّلَامُ عَلَيۡكَ حِيۡنَ تُهَلِّلُ وَ تُكَبِّرُ

આ વાક્યની ચર્ચાને એક રીવાયત વર્ણવીને પુરી કરીએ.

ફુઝૈલ રિવાયત કરે છે કે ઇમામ બાકીર (અ.સ.) અથવા ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે.

اَكْثِرُوْا مِنَ التَّهْلِيْلِ وَ التَّكْبِيْرِ فَاِنَّهٗ لَيْسَ

شَیْءٌ اَحَبُّ اِلَى اللّٰهِ مِنَ التَّكْبِيْرِ وَالتَّهْلِيْلِ

''વધુમાં વધુ તકબીર અને તહલીલ કર્યા કરો કારણ કે અલ્લાહ તઆલાને કોઇ કામ આ બે બાબતોથી વધુ પસંદ નથી.''

(ઉસુલે કાફી, ભા.૨, કિતાબુદ્દોઆ, પ્ર. તસ્બીહ વ તહલીલ વ તકબીર હ. ૨)

જી હાં, ખુદાવન્દે મોતઆલનું સૌથી પ્રિય સર્જન તેનું સૌથી પસંદ કામ વધુને વધુ કરે છે.

(૨૨) اَلسَّلَامُ عَلَيْكَ حِيْنَ تَحْمَدُ وَ تَسْتَغْفِرُ

''સલામ થાય આપ ઉપર જ્યારે આપ ખુદાવન્દે આલમની પ્રસંશા અને વખાણ કરો છો અને તેની પાસે ગુનાહની માફી માંગો છો.''

આ વાક્ય ઉપરથી સમજાય છે કે ઇમામે ઝમાના (અ.સ.) બધાજ ઝીક્ર અને વિર્દમાં ખુદાવન્દે હકની પ્રસંશા, (હમ્દ અને સના) અને ગુનાહની માફી પણ ઘણી માંગે છે. કારણ કે માનવી જેટલો મઅરેફતના દરજ્જામાં પ્રગતિ કરશે તેટલોજ તેનો માફી માંગવામાં, ખુદાની પ્રસંશા અને સ્તુતી કરવામાં વધારો થશે. તેથી ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે. ''રસુલે ખુદા (સ.અ.વ.) દરરોજ ૩૬૦ વખત ખુદાની પ્રસંશા કરતા હતા એટલે આપના પવિત્ર શરીરમાં જેટલી રગો હતી તેની જેટલી અને કહેતા હતા.

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ كَثِيْرًا عَلٰى كُلِّ حَالٍ

''સર્વે પ્રસંશા અલ્લાહ માટે છે, જે દુનિયાઓનો માલિક છે, દરેક સ્થિતિમાં વધુથી વધુ.''

(ઉસુલે કાફી, ભાગ - ૨, કિતાબુદદોઆ, પ્ર. અત્તહમીદ, હ. ૩)

આવીજ રીતે ગુનાહની માફી અંગે ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે. ''બેશક, રસુલલ્લાહનો ક્રમ એ હતો કે જ્યારે કોઇ મજલીસ કે મહેફીલમાંથી ઊભા થતા હતા, પછી તે મજલીસ કે મહેફીલ ખૂબ જ ટૂંકી પણ કેમ ન હોય, ઓછામાં ઓછા ૨૫ વખત અલ્લાહ અઝ્ઝ વ જલ્લની બારગાહમાં ઇસ્તીગફાર કર્યા કરતા હતાં.

(ઉસુલે કાફી - કિતાબુદ્દોઆ, પ્ર. અલ ઇસ્તીગફાર, હ. ૨)

હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ફરમાવતા :

وَاَنَا اَسْتَغْفِرُ اللّٰهَ سَبْعِيْنَ اِسْتِغْفَاراً

''હું ખુદાવન્દે આલમ પાસે ૭૦ વખત ગુનાહની માફી માગું છું.''

(મજમઉલ બહરયન ભાગ - ૩, પા. ૪૨૭)

મઅસુમ હોવા છતાં આ રીતની ગુનાહોની માફી? શક્ય છે કે થોડા અપરિપકવ દિલોમાં આ સવાલ પેદા થાય કે જો આપ મઅસુમ હતા તો પછી ગુનાહની માફી કેવી? જો કે આ લેખમાં આ સવાલનો જવાબ આપવાની જગ્યા નથી અને ન તો અવકાશ મૌજુદ છે. પરંતુ હુજ્જત પુરી કરવા પૂરતો ટૂંકો જવાબ રજુ કરીએ છીએ. ગુનાહોની માફીના જુદા જુદા કારણો છે.

૧. ઇસ્તીગફાર પોતેજ એક મહાન ઇબાદત છે.

૨. ઉમ્મતના શિક્ષણનું ખુદ આ એક માધ્યમ છે.

૩. ખુદાવન્દે આલમની બારગાહમાં નમ્રતાના કારણે છે.

૪. મઅસુમીન (અ.સ.) ના દરજ્જાઓમાં દરેક પળે વધારો થાય છે અને જ્યારે તેઓ અગાઉના મરતબાઓ અને દરજ્જાઓ તરફ જુએ છે ત્યારે ઇસ્તિગફાર કરે છે.

૫. حَسَنَاتُ الْاَبْرَارِ سَيِّئَاتُ الْمُقَرَّبِيْنَ

સામાન્ય નેકી કરનારાઓની સારી વાતો ખુદાવન્દે કરીમના સૌથી વધુ નજદિક બંદાઓ માટે ક્ષતિ કે ભૂલની જેમ છે. આ મુદ્દો સમજવા માટે એક ઉદાહરણ જોઇએ. એક બાળક જે નમાઝ પડે તો એમ માનવા લાગે છે કે તેણે ખુદાની ઘણી બધી ઇબાદત કરી નાખી. પછી તેની નમાઝ ભુલ ભરેલી પણ કેમ ન હોય! તેથી તદ્દન ઉલ્ટું જ્યારે એક ધર્મનો વિદ્વાન જે મઅરેફતના ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચેલો હોય, તે નિખાલસ ભાવે એકાગ્રતાથી અને સંપૂર્ણ સંતૃષ્ઠ રીતે ઊંડી શ્રદ્ધા સાથે નમાઝ પડીને પછી સર્જનહારના સજદહમાં પોક મૂકીને રડે છે કે ''એ ખુદા! તારી બંદગી કરવાનો હક અદા ન થઇ શક્યો! એ ખુદા બક્ષી દે!'' જ્યારે એક સામાન્ય જ્ઞાન ધરાવનાર આ રીતે રડે છે. અને ઇસ્તિગફાર કરે છે. પછી આપણને મઅસુમોના ઇસ્તગફાર કે બેભાન થઇ જવા ઉપર શા માટે આશ્ચર્ય થાય છે? આ મહાનુભાવો તો ખુદાની મઅરેફતના એ દરજ્જા ઉપર છે કે જ્યાં આપણી સામાન્ય અક્કલો તેનું ગુમાન સુદ્ધાં નથી કરી શકતી તો તેઓના દરજ્જાઓને સમજવાની શું વાત કરવી!

(૨૩) اَلسَّلَامُ عَلَيْكَ حِيْنَ تُصْبِحُ وَ تُمْسِیْ اَلسَّلَامُ

عَلَيْكَ فِی اللَّيْلِ اِذَا يَغْشٰى وَالنَّهَارِ اِذَا تَجَلّٰى

''સલામ થાય આપ ઉપર જ્યારે આપની સવાર અને

સાંજ પડે છે. સલામ થાય આપ ઉપર રાતમાં જ્યારે તે અંધારી હોય છે અને દિવસમાં જ્યારે તે પ્રકાશિત હોય છે.''

આ શરીફ ઝીયારતમાં ત્રણ વખત સમય અને કાળની વાત આવે છે. એક વખત જ્યારે આપણે કહીએ છીએ.

"اَلسَّلَامُ عَلَيۡكَ فِى اٰنَاءِ لَيۡلِكَ وَ اَطۡرَافِ نَهَارِكَ"

અને બીજી અને ત્રીજી વખતે ઉપરોક્ત ફકરામાં. આમ જુદા જુદા શબ્દો વાપરવાનો હેતુ શો છે? તે માત્ર ઝિયારતના માલીક કહી શકે છે. આપણે દોઆ કરીએ ''આપ પધારો અને અમને તેમના જુદા જુદા કારણોથી માહિતગાર કરો''

## (૨૪) اَلسَّلَامُ عَلَيۡكَ اَيُّهَا الۡاِمَامُ الۡمَاۡمُوۡنُ

''સલામ થાય આપ ઉપર એ સુરક્ષિત ઇમામ.''

આ વાત યાદ રહે કે اَمِن - مَاۡمُوۡن નું કર્મવાચક નામ છે. તેથી તેના જુદા જુદા અર્થ થઇ શકે છે. જેમ કે સુરક્ષિત, શ્રદ્ધાને પાત્ર, ભરોસો અને વિશ્વાસ એટલે ઇમામે ઝમાના (અ.સ.) એવા પેશ્વા છે જેમને ખુદાવન્દે મોતઆલે છુપા અને સુરક્ષિત રાખ્યા છે અને આપને એવા અડગ આત્મવિશ્વાસને પાત્ર સમજ્યા છે કે આપ (અ.સ.)ને પોતાના સર્જનોની ઇમામત અને રહેબરીથી નવાજ્યા છે. બીજા શબ્દોમાં ઇમામે ઝમાના (અ.સ.) ખુદાવન્દે આલમના તે અમીન છે કે જેમની અમાનતાદારી ઉપર ખુદ જીબ્રઇલે અમીન ગર્વ કરે છે.

## (૨૫) اَلسَّلَامُ عَلَيۡكَ اَيُّهَا الۡمُقَدَّمُ الۡمَاۡمُوۡلُ

''સલામ થાય આપ ઉપર એ તમામ દુનિયાઓના સર્જનોની સૌથી પહેલી (અગ્રેસર) અને અતૂટ આશા.''

આ વાક્યનો બન્ને રીતે તરજુમો કરી શકાય છે. એક એ કે ''મુકદ્દમ''-અગ્રેસર (સૌથી પહેલો) ગુણવાચક નામ (**Qualifying noun**) અને ''મઅમુલ'' સિફત- વિશેષણ તરીકે એટલે ''એ જે સૌથી પ્રથમ મખ્લૂક-સર્જન જેની ઝાત સાથે આશા બંધાએલી છે.'' અથવા ''મુકદ્દમ'' સિફત - વિશેષણ તરીકે અને ''મઅમૂલ'' ગુણવાચક નામ તરીકે, એટલે ''અય એ ઝાત કે જેનાથી સૌથી પ્રથમ આશા બંધાય છે.''

હઝરત બકીયતુલ્લાહીલ અઅઝમ ઇમામે ઝમાના (અ.સ.) માનવતાની આશા છે, નબીઓની આશા છે, વસીઓની આશા છે. અને સૌથી વધુ જનાબે ઝહરા (સ.અ.) ની આશા છે. દરેક સાચો મુસલમાન આ મહદીએ બરહકનો રાહ જોનાર - મુન્તઝીર છે. જે કુરઆને મજીદ અને તેની હદોને જીવંત કરશે.

اَيۡنَ الۡمُؤَمَّلُ لِاِحۡيَآءِ الۡكِتَابِ وَ حُدُوۡدِهٖ

''ક્યાં છે તે આશાનું કિરણ જે કુરઆન અને તેની હદોને સજીવન કરશે?''

(દોઅએ નુદબા, ઇકબાલુલ આમાલ, ભાગ - ૧, પા. ૫૦૯)

હા, ઇમામ (અ.સ.)નું પવિત્ર અસ્તિત્વ જ આશાસ્પદ (જેમનાથી આશા બંધાએલી) છે. આપના બુઝુર્ગ દાદા મુત્તકીઓના મવલા અમીરૂલ મોઅમેનીન અલી બીન અબી તાલીબ (અ.સ.) એ પણ આપને આ સદ્‌ગુણથી યાદ કર્યા છે.

"......ثُمَّ يَقُوۡمُ الۡقَائِمُ الۡمَاۡمُوۡلُ......"

''પછી આશાઓથી ભરપુર કાએમ ઝુહુર ફરમાવશે''

(ગયબતે નોઅમાની પા. ૨૭૫, પ્ર. ૧૪, હદીસ ૫૫ બેહારૂલ અન્વાર, ભાગ - ૫૨, પા. ૨૩૬)

ઇમામ સાદિક (અ.સ.)એ પણ આપ (અ.સ.) ને 'કાએમ'ના લકબથી યાદ કર્યા છે.

(કમાલુદ્દીન, પા. ૩૩૪, પ્ર. ૩૩, હ. ૪, બેહાર, ભાગ - ૪૮, પા. ૧૫)

## (૨૬) السّلام عليك بجوامع السّلام

''સલામ થાય આપ ઉપર, સલામના બધા પ્રકારો સાથે.''

આ વાક્યમાં ઝિયારતે આલે યાસીનના છેલ્લા સલામ છે. જેમ કે ઝવ્વાર અને સલામ કરનાર અકીદતમંદ, આ બધા સલામોની પછી એટલે કે આ મહાન હસ્તીની ભવ્યતા, ખુબસુરતી અને કમાલની ચર્ચા કર્યા પછી જે સદ્‌ગુણોનું કેન્દ્ર અને ભવ્યાતીભવ્ય છે, તે (સલામ કરનાર) આ અનુભવે છે કે બધું કહી દીધા પછી પણ તેણે કાંઇ નથી કહ્યું : શું કરે? એક બાજુ તે ઇચ્છા ધરાવે છે કે મોટા સન્માનની સાથે પોતાની લાગણીઓને પ્રગટ કરે અને બીજી બાજુ તે એ નથી સમજી શકતો કે હવે વધુ શું કહે? તેનામાં એટલી તાકાત તો નથી કે તે આપના બધા કમાલોની ચર્ચા કરે. એટલે કે બન્ને બાજુનો માર્ગ મર્યાદિત છે ક્યાં સુધી કહું ''અસ્સલામો અલય્ક'', ''અસ્સલામો અલય્ક''?

આનો તો કોઇ અંતજ નથી. વધુ સારૂં એ છે કે એક એવું વાક્ય અદા કરવામાં આવે જે બન્ને મુશ્કેલીઓને દૂર કરે. તેથી કહે છે. السّلام عليك بجوامع السّلام

શબ્દ '' جوامع '' એ '' جَامع ''નું બહુવચન છે જે કર્તા છે અને જેનો અર્થ થાય છે વિખરાએલાઓને ભેગા કરનાર. તેથી જ એ શબ્દ જે ટૂંકો હોવા છતાં સંક્ષિપ્તમાં બધા અર્થો

સમાવી લે તેને 'જામેઅ' કહે છે. એટલે જ્યાં જ્યાં સલામ થઇ અને જે પ્રકારની થઇ તે બધી આપની ઉપર થાય.

તે પછી આપણે ઇમામે ઝમાના (અ.સ.) ને સાક્ષી બનાવીને સાક્ષી આપીએ છીએ કે અલ્લાહની સિવાય બીજો કોઇ મઅબુદ નથી અને એ કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તેના રસુલ અને બંદા છે અને એક એક ઇમામની સાક્ષી આપ્યા પછી આપણે કયામતના જુદા જુદા પ્રસંગો, મૃત્યુથી લઇને જન્નત અને જહન્નમ સુધીના 'હક' હોવાની જાહેરાત કરે છે. તે પછીના બધા વાક્યો ધ્યાન આપવા જેવા છે.

يَا مَوْلَایَ شَقِیَ مَنْ خَالَفَكُمْ وَ سَعِدَ مَنْ (૨૭)
اَطَاعَكُمْ فَاشْهَدْ عَلیٰ مَا اَشْهَدْتُكَ عَلَيْهِ وَ
اَنَا وَلِیٌّ لَكَ بَرِیٴٌ مِنْ عَدُوِّكَ

''એ મારા મવલા! સૌથી દુષ્ટ એ છે કે જેણે આપનો વિરોધ કર્યો અને ખુશકિસ્મત એ છે કે જેણે આપની તાબેદારી કરી. આપ સાક્ષી બની જાવ તેની ઉપર જેની ઉપર મેં આપને સાક્ષી બનાવ્યા છે હું આપનો દોસ્ત છું અને આપના દુશ્મનોથી દૂર છું.''

ઉપરના વાક્યોમાં ઇમાનનો સિદ્ધાંતોનો સ્પષ્ટ દ્રષ્ટિકોણ દેખાય છે. હિત અને અધમતા, ભલાઇ અને બુરાઇ એટલે કે જન્નતવાળા અને જહન્નમવાળા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આપણે અરજ કરીએ છીએ, 'મવલા' જેણે જેણે આપનો વિરોધ કર્યો તે જહન્નમના હકદાર બન્યા. તે દુષ્ટ છે. તેનું હૃદય હિદાયતના પ્રકાશથી ખાલી છે. અને જેણે જેણે આપની તાબેદારી કરી તે જન્નતવાળાઓમાંથી થયા. બીજા શબ્દોમાં ભલાઇ અને બુરાઇ, જન્નતમાં અને જહન્નમમાં જવા માટેના માપદંડ છે. બીજી મહત્વની વાત એ છે કે ભલાઇ અને બુરાઇ આપણા કાર્યો ઉપર આધારિત છે. જો કોઇ દુષ્ટ છે તો તે પોતાના આમાલના કારણે છે. કોઇ એ દાવો નથી કરી શકતો કે અમે જહન્નમમાં એ કારણે ગયા કે અમે દુષ્ટ પેદા થયા હતા. એટલે જબરદસ્તીના માટે કોઇ સ્થાન નથી. કોઇપણ માણસ પોતાના ગુનાહો અને ખરાબ કૃત્યોના માટે પોતાના નસીબ ઉપર આરોપ ન મૂકી શકે. જો માણસ ભલાઇ કરે તો પોતાના આમાલના કારણે, બુરાઇ કરે તો પોતાના આમાલના કારણે. તે પછી આપણે શીયા હોવાની જાહેરાત કરીએ છીએ અને ઇમામો (અ.સ.) ના દુશ્મનોથી નફરત અને બેઝારી જાહેર કરીએ છીએ. એ કહેવું અસ્થાને નહી ગણાય કે જેટલું મહત્વ અહલેબયત (અ.સ.) ની મોહબ્બત અને વિલાયતને દીને ઇસ્લામમાં મળેલું છે એટલું જ મહત્વ તેઓના દુશ્મનોથી દૂર રહેવા અને નફરતને મળેલું છે. કોઇ શીયા ક્યારેય પણ અહલેબયતના દુશ્મનોની મોહબ્બત પોતાના દીલમાં રાખી નથી શકતો. (જુઓ સુરા અહઝાબ. આયત ૧૩ અને તેની તફસીર)

فَالْحَقُّ مَا رَضِيْتُمُوْهُ وَالْبَاطِلُ مَا اسْخَطْتُمُوْهُ (૨૮)
وَالْمَعْرُوْفُ مَا اَمَرْتُمْ بِهٖ وَالْمُنْكَرُ مَا نَهَيْتُمْ عَنْهُ

''બસ હક એ છે જેનાથી આપ રાજી છો અને બાતીલ એ છે જેનાથી આપ નારાજ છો. 'મઅરૂફ' એ છે જેનો આપે હુકમ આપ્યો અને 'મુન્કર' એ છે જેની આપે મના કરી.''

આ વાક્ય સ્પષ્ટ કરી રહ્યું છે કે 'હક અને બાતીલ' અને 'માઅરૂફ અને મુન્કર' ની ઓળખનો માપદંડ માત્ર અને માત્ર અહલે બયત (અ.સ.) છે. દરેક તે વસ્તુ જેમાં અહલેબયત (અ.સ.) ની સંમતિ મળેલ છે, તે હક છે. પછી તે બાબત આપણને નાપસંદ પણ કેમ ન હોય. અથવા આપણી સંકુચિત અક્કલમાં ન આવે. આવીજ રીતે દરેક તે કામ જેનાથી અહલેબયત (અ.સ.) નારાજ હોય તે બાતીલ છે. પછી તે આપણને ગમે તેટલું પસંદ પણ કેમ ન હોય. કુરઆને કરીમમાં ઇરશાદ થાય છે :

"عَسیٰ اَنْ تَكْرَهُوْا شَيْئًا وَّهُوَ خَيْرٌ لَّكُمْ
وَ عَسیٰ اَنْ تُحِبُّوا شَيْئًا وَّ هُوَ شَرٌّ لَّكُمْ"

''પણ કદાચને તમે એક વસ્તુ નાપસંદ કરો પણ તે તમારા માટે સારી હોય, અને (બીજી) એક વસ્તુ તમે પસંદ કરો (પણ) તે તમારા હકમાં બુરી હોય;''

(સુરએ બકરહ, આયત. ૨૧૬)

(આ પ્રકારના લેખ માટે સુરા નિસાઅ આ. ૧૯ તરફ રજુ કરો.)

આથી સ્પષ્ટ થાય છે કે કોઇપણ વસ્તુનો હક અને બાતીલ હોવાનો માપદંડ આપણી સંકુચિત અક્કલો નથી.

ખુરાસાનના માણસને આ હકીકતની જાણ કરવા માટે ઇમામ (અ.સ.) હુકમ આપે છે કે તે આગમાં કૂદી પડે પરંતુ તે માણસ ના પાડે છે. તેનીજ જગ્યાએ જ્યારે ઇમામ (અ.સ.) ના અસહાબમાંથી હારૂન મક્કી હતા તે ઇમામ (અ.સ.)નો હુકમ સાંભળતાજ કાંઇપણ ચૂંકે ચાં કર્યા વગર

તરતજ ભટ્ઠીમાં કૂદી પડ્યા. આવીજ રીતે મઅરૂફ અને મુન્કર પણ છે. જો ઇમામ (અ.સ.) નો હુકમ છે અને ઇમામ (અ.સ.) તેનાથી રાજી છે તે મઅરૂફ છે નહિ તો મુન્કર છે. જ્યારે આ વાત સ્પષ્ટ થઇ ગઇ ત્યારે દરેક શીયાની પાયાની ફરજ અને તેની સિદ્ધાંતિક જવાબદારી એ થાય છે કે દરેક કામમાં, દરેક વિચારમાં અને દરેક કથનમાં આ વાત પ્રત્યે ધ્યાન આપે કે શું આ ઇમામનો હુકમ છે કે નહિ? શું ઇમામ (અ.સ.) આ કામથી રાજી થશે કે નહી?

(૨૯) فَنَفۡسِیُ مُؤۡمِنَةٌ بِاللّٰهِ وَحۡدَهٗ لَا شَرِیۡكَ لَهٗ وَ

بِرَسُوۡلِهٖ وَ بِاَمِیۡرِ الۡمُؤۡمِنِیۡنَ وَ بِكُمۡ یَا مَوۡلَایَ

اَوَّلِكُمۡ وَ آخِرِكُمۡ وَ نُصۡرَتِیۡ مُعَدَّةٌ لَكُمۡ وَ

مَوَدَّتِیۡ خَالِصَةٌ لَكُمۡ اٰمِیۡنَ اٰمِیۡنَ

''મારી રુહ એ ખુદા ઉપર ઇમાન લાવી છે જે એક જ છે. તેનો કોઇ ભાગીદાર નથી, તેના રસુલ (સ.અ.વ.) અને હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને આપના પ્રથમ અને છેલ્લા બધા ઉપર ઇમાન લાવ્યો. એ મારા મવલા! આપના માટે મારી મદદ હાજર છે અને મારી મોહબ્બત નિખાલસ છે. એ ખુદા અમારી દોઆ કબુલ ફરમાવ, કબુલ ફરમાવ.''

નોંધપાત્ર બાબત એ છે કે બીજા પુરૂષ (ضمیر مخاطب) ના સર્વનામના બહુવચનનો ઉપયોગ સૂચવે છે કે આપણું સંબોધન બધા ઇમામો (અ.સ.) ને છે અને આ તૈયારી અને મોહબ્બત દર્શાવવી બધા ઇમામો (અ.સ.) માટે છે. શક્ય છે કે આ વાક્ય રજઅત તરફ નિર્દેશ કરી રહ્યું હોય જ્યારે બધા ઇમામો (અ.સ.) જાહેર થશે અને પોત પોતાના સમયના ફીરઔન જેવા દુશ્મનોનો વીણી વીણીને બદલો લેશે. એ ખુદા અમને તૌફીક આપ કે અમે તેને લાયક થઇએ કે જ્યારે અમારા ઇમામો (અ.સ.) રજઅત કરે, ત્યારે અમે તેઓની મદદ કરી શકીએ અને તેઓના દુશ્મનોને જહન્નમ તરફ ધકેલી દઇએ.

આમીન આમીન...

(પાના નં. ૧૪ થી આગળ ....)

ઇમામ (અ.સ.) ફરમાવે છે કે ''આ આલે મોહમ્મદ (અ.સ.) ના માટે છે. ઇમામ મહદી (અ.સ.) અને તેમના સાથીદારોના માટે અલ્લાહ પૂર્વથી પશ્ચિમ સુધીની સત્તા તેઓને આપશે. દીનને વ્યાપક-અતિપ્રબળ બનાવી દેશે.''

''ખુદાવન્દે મોતઆલ તેમના અને તેમના અસહાબો મારફતે બિદઅતોનો નાશ કરી નાખશે. બિલ્કુલ તેવી જ રીતે જેવી રીતે મૂર્ખ, જુલમની અસર ન દેખાય તે માટે સત્યનો નાશ કરે છે. તે લોકો 'અમ્ર બીલ મઅરૂફ' અને 'નહિ અનીલ મુન્કર' બજાવી લાવશે. બધા હુકમો અલ્લાહના હાથમાં હશે.''

આ ઉપરાંત સીલસીલાબંધ અસંખ્ય હદીસો છે જે આ હેતુને જાહેર કરે છે. જેમાં માણસની કુદરતી ઇચ્છાઓની ચર્ચા કરવામાં આવી છે, જેના કારણે આજે દુષ્ટ લોકો ગેરલાભ ઉઠાવી રહ્યા છે. જેવી રીતે ''યુનાઇટેડ નેશન્સ'' કુદરતી ઇચ્છાઓ (લાગણીઓ) અથવા માનવ હકો, ન્યાય અને સમાનતાના નારાઓ બુલંદ કરીને લોકોને નિર્બળ અને પાંગળા બનાવી રહ્યા છે. માનવ સ્વભાવ એવો છે જે એવી હુકુમતને પસંદ કરે છે જેમાં ન્યાય અને સમાનતા હોય, શાંતિ અને સલામતિ હોય, લોકોના હકોનો આદર હોય. આ એ હુકુમત અને દીન છે જે અંતિમ જમાનામાં એક મહાન માર્ગદર્શકની તાબેદારીથી સ્થાપિત થશે. એ માર્ગદર્શક જે નબીઓ અને વલીઓના પ્રિય હશે અને બધા નેક બંદાઓને પસંદ હશે. તેમની હુકુમત સમગ્ર દુનિયા ઉપર હશે. દુનિયા તેમની હુકુમત અને તેમના પવિત્ર હેતુઓને સ્વિકારીને તેમના અવાજને (''હાજર છીએ''નો) પ્રતિસાદ આપીને આગળ વધશે. જેને રસુલ (સ.અ.વ.)ના પુત્ર, અને અલી (અ.સ.) અને ફાતેમા (સ.અ.) ના નૂર હઝરત વલી અસ્ર (અજ.) ખાનએ કાઅબાથી બુલુન્દ કરશે.

તે દિવસની આશામાં જે દીન ઇન્તેઝાર કરનારાઓ, કમજોરો અને નિર્બળ લોકોનો દીન હશે. તે આં હઝરત (અ.સ.) ના જાહેર થવાનો દિવસ હશે જે દિવસ સંપ, સુલેહ અને શાંતિનો સંદેશો લઇને ઉગશે. તે દિવસે ભરપૂર પરેશાની અને ફીત્ના ફસાદથી ભરેલી દુનિયાને તેમના ઝુહુરની બરકતથી શાંતિ, સલામતિ ન્યાય અને ઇન્સાફથી ભરી દેવામાં આવશે.

*

# ખાસ નાએબ ચોથા
# જનાબ અલી બીન મોહમ્મદ સમરી

સુજ્ઞ વાંચકો, અલ મુન્તઝરના વિશેષ અંક શઅબાનુલ મુઅઝ્ઝમ હિજરી ૧૪૨૧માં 'નયાબતની જરૂરત' થી શરૂ થએલી શ્રેણીના લેખોમાં નયાબતની જરૂરત, પહેલા, બીજા અને ત્રીજા ખાસ નાએબોના જીવન ચરિત્ર ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ વરસે આ શ્રેણીની અંતિમ કડી રૂપે ઇમામે ઝમાના (અ.સ.)ના ચોથા ખાસ નાએબના જીવનનું વર્ણન કરી રહ્યા છીએ.

નામ : અલી, કુન્નીયત : અબુલ હસન અને પિતાનું નામઃ મોહમ્મદ. ઇમામે ઝમાના (અ.સ.)ના ચોથા અને છેલ્લા ખાસ નાએબ અબુલ હસન અલી બીન મોહમ્મદ સમરી, હુસયન બીન રવ્હ નૌબખ્તી પછી નયાબતના હોદ્દા ઉપર બિરાજ્યા. આપની નયાબત માટે ઇમામે ઝમાના (અ.સ.) એ અબુલ કાસીમ હુસૈન બીન રવ્હ નૌબખ્તીને હુકમ આપ્યો. તેથી ઇમામ (અ.સ.)ના હુકમથી આપ નાએબ બન્યા.

સમરી ખાનદાન એ તે શીયા ખાનદાનોમાંથી છે જે તેઓની પ્રમાણિકતા અને શીયાઓની ખીદમત માટે મશહુર છે. આ કારણથીજ અલી બીન મોહમ્મદની નયાબત અને એલચીનો કોઇએ વિરોધ ન કર્યો.

આ ખાનદાનમાં ઘણા માણસો જેમ કે ઇસ્માઇલ બીન સાલેહના દિકરા હસન અને અલી બની ઝીયાદના દિકરા મોહમ્મદ બસરામાં મોટી મિલ્કતો ધરાવતા હતા. આ ગ્રહસ્થોએ પોતાની મિલ્કતમાંથી થતી આવક આપણા અગીયારમાં ઇમામ હઝરત હસન અસ્કરી (અ.સ.) માટે વકફ કરી દીધી હતી.

(પઝવહશી પીરામુન ઝીંદગાનીએ નુવ્વાબે ખાસ ઇમામે ઝમાના પા. ૩૦૪)

આ ઉપરાંત સમરી ખાનદાનના અમૂક લોકો ઇમામ રઝા (અ.સ.)ના ખીદમતગારોમાંથી હતા. આવી જ રીતે અન્ય ઇમામોના અમૂક સાથીદારો સમરી ખાનદાનમાંથી હતા. જેમ કે અલી ઇબ્ને મોહમ્મદ બીન ઝીયાદ જે દસમાં અને અગ્યારમાં ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.) ના વકીલ પણ રહી ચૂક્યા હતા. એમણે એક પુસ્તક લખ્યું છે : 'અલ અવસીયા' અને આ પુસ્તકમાં બારમા ઇમામ (અ.સ.) ની ઇમામતને સાબિત કરી છે. આ પુસ્તકની ચર્ચા સય્યદ ઇબ્ને તાઉસ (અ.ર.) એ પોતાના અમૂલ્ય પુસ્તક مُهَجُ الدَّعَوَات (''મોહજુદ - દઅવાત'') પા. ૪૨૮ (નવી આવૃત્તિ મોઅસસસે ઇન્તેશારાત રાયહા ફારસી તરજુમાની સાથે મોટી સાઇઝમાં પ્રકાશીત થઇ છે.) પાના ઉપર છે. આ પુસ્તકમાંથી સય્યદ ઇબ્ને તાઉસ (અ.ર.) એ બે પ્રસંગોનું વર્ણન કર્યું છે, જેમાં ઇમામ હસન અસ્કરી (અ.સ.) ને શહીદ કરવાનું કાવત્રુ કરનારા અબ્બાસી ખલીફા મુસ્તઇન અને મોઅતઝાની મૃત્યુની દાસ્તાન છે.

આવી જ રીતે અલી બીન ઝીયાદના બારામાં જાણવા મળે છે. તેમણે ઇમામે ઝમાના (અ.સ.) ને પત્ર લખ્યો અને તેમની પાસેથી એક નંગ કફનની માગણી કરી. હઝરત (અ.સ.) એ જવાબમાં લખ્યું : તમને તેની જરૂરત સન ૮૦ (એટલે ૨૮૦) માં પડશે. પછી અલી બીન ઝીયાદ હિજરી સન ૨૮૦માં મૃત્યુ પામ્યા. હઝરત ઇમામે ઝમાના (અ.સ.) એ તેમના મૃત્યુના થોડા દિવસ પહેલા તેમના માટે કફન રવાના કર્યું હતું.

(કમાલુદ્દીન ૨/૫૦૧ હ. ૨૬)

આ રીતે આ થોડા પ્રસંગોથી સમરી ખાનદાનની વ્યક્તિઓની અગત્યતા, ઉચ્ચતા અને શરાફતનો અંદાજ આવે છે.

આવા લોકોને ભવ્યતા અને મહાનતા કેમ ન મળે જેમને ઇમામો (અ.સ.) ની મદદ પ્રાપ્ત હોય!

## ચોથા નાએબનું લકબ :

આપના લકબના ઉચ્ચાર અને લખાણમાં થોડો તફાવત જોવા મળે છે. આ માટે જનાબ અલી ગફ્ફારઝાદાએ બુઝુર્ગ આલીમોના હવાલાથી પોતાનું સંશોધન રજુ કર્યું છે.

આપનું લકબ سَمَرِی (મીમ અને સીન ઉપર ઝબરની સાથે) અથવા سَیُمُرِی (સીન પર ઝબર યા સાકીન અને મીમ ઉપર પેશ અથવા મીમ ઉપર ઝબરની સાથે એટલે કે سَیُمُرِی અથવા سَیَمَرِی) હતું.

આ અંગે લખે છે કે શયખ તુસીએ 'ગયબત'માં, શયખ સદુકે 'કમાલુદ્દીન'માં, ખતીબે રાવન્દીએ 'ખરાએજ'માં અને બીજા પ્રાચીન પુસ્તકોમાં سَمَرِی લખાયું છે તેથી અમે પણ તે સાચું ગણીએ છીએ. એ બાબતમાં શંકા નથી કે રેજાલ અને હદીસોના પુસ્તકોમાં سَیُمُرِی ઘણું ઓછું દેખાય છે. પરંતુ અમૂકે આપના જીવન ઉપર લખતી વખતે سَمُری અને અમૂકે سَمَری લખ્યું છે જે સાચું જણાય છે, કારણકે બસરા અને વાસતા વચ્ચેના વિસ્તારમાં એક જગ્યાનું નામ سَمَر છે. શયખ આકા બુઝુર્ગે તહેરાનીએ سَمَری લખ્યું છે.

(ઝીન્દગાની એ નવ્વાબે ખાસ, ઇમામે ઝમાના (અ.સ.) પાના. ૩૦૫)

## આપનો નયાબતનો સાશનકાળ :

અલી બીન મોહમ્મદ સમરીના નયાબતના સાશન કાળમાં તે સમયના રાજકર્તાના જુલમો, અત્યાચારો અને ખુના મરકી તેની પરાકાષ્ટાએ હતાં. આપ તેમના પહેલાના નાએબોની જેમ વધુ કાર્યરત ન હતા. આપની કામગીરી ઘણી મર્યાદિત હતી. આપે પોતાના પ્રતિનિધિ વકીલોની સાથેનો સંપર્ક ઘણો મર્યાદિત રાખ્યો હતો. પરંતુ આ બધી મર્યાદાઓ છતાં શીયાઓ સાથેનો આપનો સંપર્ક નિયમીત હતો અને આપની પ્રતિભા અને પહોંચ શીયાઓ સાથે એવી જ હતી જેવી બીજા નુવ્વાબોની હતી. તેથી લોકો તેમના વકીલો મારફતે શરઇ રકમો તેમના સુધી પહોંચાડતા હતા.

આપની જન્મ તારીખ અને જીવન શૈલીના બારામાં પુસ્તકોમા વધુ વિગતો મળતી નથી. તેમ છતાં આપની ટૂંકા સમયની નયાબત કાળની વિગતો કિતાબોમાં સતત રીતે મળી આવે છે.

## અલી બીન મોહમ્મદ ઇમામ હસને અસ્કરી (અ.સ.) ના સહાબી :

શયખ તુસી (રહ.) એ તેમની કિતાબ 'રેજાલ' માં પાના : ૪૩૨ ઉપર આપને 'અસહાબે ઇમામે હસને અસ્કરી (અ.સ.)' માં ગણાવ્યા છે.

હઝરત ઇમામ હસને અસ્કરી (અ.સ.) એ અલી બીન મોહમ્મદ સમરી સાથે પત્ર વ્યવહાર પણ કરેલ છે.

અલી બીન મોહમ્મદ સમરી કહે છે કે અબુ મોહમ્મદ ઇમામ હસન અસ્કરી (અ.સ.) એ મને લખ્યું :

''એક ફીત્નો ઊભો થવાનો છે, જે તમને ગુમરાહ કરી દેશે અને તમે તમારા હાથ અને પગ ગુમાવી દેશો. તમે તેનાથી હોશીયાર રહેજો અને તેનાથી બચીને રહેજો.'' ત્રણ દિવસ પછી બની હાશીમ વચ્ચે એક એવી ઘટના ઘટી કે જેના કારણે બની હાશીમને ઘણી સખત મુસીબત અને આફતનો સામનો કરવો પડયો. મેં હઝરત ઇમામ હસન અસ્કરી (અ.સ.) ને લખ્યું : ''શું આ એજ ફીત્નો છે જેના બારામાં આપે લખ્યું હતું.'' હઝરતે ફરમાવ્યું : ''નહિ આ સિવાયની એક ઘટના છે. જેનાથી તમારી જાતને પૂરે પુરી બચાવો. તેના થોડા દિવસો પછી મોઅતઝ અબ્બાસી ખલીફાના કતલનો બનાવ બન્યો.''

(કશફુલ ગમ્મહ, ૩/૨૦૭ પઝ વ હશી/૩૦૬)

ટૂંકમાં આ પત્ર વ્યવહાર ઇમામ હસન અસ્કરી (અ.સ.) સાથેનો સંપર્ક સૂચવે છે.

## ગેબી ખબર :

અલી બીન મોહમ્મદ સમરી (ર.અ.) સાથે પણ બીજા નાએબોની જેમ કરામતોને નકલ કરવામાં આવી છે. જેના થકી ઇમામે ઝમાના (અ.સ.) સાથેના સંપર્ક મજબુત હોવાનું સાબિત થાય છે. જેથી શીયા ગ્રહસ્થો આ કરામતો જોઇને નયાબતમાં કોઇપણ રીતે શંકા કુશંકાથી સુરક્ષિત રહે.

શયખ તુસી (અ.ર.) એ તેમના ઉસ્તાદોના હવાલાથી હુસયન બીન અલી બીન બાબવ્યા કુમ્મી (શયખ સદુક (રહ.) ના ભાઇ) ના મોઢેથી નકલ કરી છે કે આપે ફરમાવ્યું : કુમની એક જમાત જેમાં ઇમરાન સફાર, અલવીયા સફાર અને હુસયન બીન અહમદ બીન ઇદરીસ (ર.અ.) એ નકલ કર્યું છે કે જે વરસે મારા પિતા અલી બીન હુસયન બીન મુસા બીન બાબવ્યા (શયખ સદુકના પિતા) મૃત્યુ પામ્યા, તે લોકો બગદાદ આવ્યા. તે લોકો કહે છે કે અલી બીન મોહમ્મદ સમરીએ અમારામાંથી દરેકને અલી બીન બાબવ્યાના બારામાં પુછ્યું અને અમે પણ કહ્યું કે પત્ર આવ્યો છે અને મજામાં છે. જ્યાં સુધી તેમનું મૃત્યુ નહોતું થયું, તે અમને પૂછતા રહ્યા અને અમે લોકોએ પણ જવાબમાં એમજ કહ્યું કે તે ઠીક છે. એક વખત આપે ફરીને એજ સવાલ કર્યો અને અમે લોકોએ કહ્યું કે હજી જવાબ નથી આવ્યો ત્યારે આપે ફરમાવ્યું : અલી બીન હુસયનના મૃત્યુથી ખુદા તમને લોકોને બદલો આપે. તે લોકો કહે છે જે વખતે તેમણે આ વાત કહી હતી તે વખતે અલી બીન હુસયન મૃત્યુ પામ્યા હતા તેથી અમે તે દિવસ, તે મહિનો અને સમયને યાદ રાખ્યો. જ્યારે સત્તર કે અઢાર દિવસ પસાર થઇ ગયા ત્યારે ખબર આવ્યા કે અલી બીન મોહમ્મદ બાબવ્યા એજ સમયે મૃત્યુ પામ્યા હતા જે સમયે અબુલ હસન સમરીએ કહ્યું હતું.

(બેહારૂલ અન્વાર, ભાગ ૧૫/૧૬૩ હ. ૮, ગયબતે તુસીમાંથી નોંધ)

આ પ્રસંગને શયખ સદુક (અ.ર.)એ પોતાના પિતાના મૃત્યુના આશરે દસ વરસ પછી અબુલ હસન સાલેહ બીન શોઅયબ તાલેકાની પાસેથી સાંભળ્યો અને તાલેકાનીને અહમદ બીન ઈબ્રાહીમે બયાન કર્યો અને અહમદ ઇબ્ને ઈબ્રાહીમે અલી બીન મોહમ્મદ સમરી (ર.અ.) ને આ કહેતા સાંભળ્યા :

رَحِمَ اللّٰهُ عَلِيَّ بنِ الُحُسَيُنِ بن مُوُسىٰ بنِ بَابوَيه القمى

(કમાલુદ્દીન ૨/૩૦૫, ભાગ - ૨૩)

## તવકીઅ - હ. મહદી (અ.સ.) નો લેખિત સંદેશો

નાની ગયબતમાં મોકલવામાં આવેલ ઐતેહાસિક અને છેલ્લી તવકીઅ બલ્કે એમ કહીએ કે જેના થકી ચોથા ખાસ નાએબ જનાબ અલી બીન મોહમ્મદ સમરી (ર.અ.) શીયા જગતમાં ઓળખાય છે અને જે તવકીઅના થકી ખાસ નયાબતનો અંત અને મોટી ગયબતની શરૂઆતની જાહેરાત થઇ જાય છે તે મુલ્યવાન અર્થ ધરાવે છે. આ તવકીઅ સમરીના મૃત્યુના છ દિવસ પહેલા ઇમામે ઝમાના (અ.સ.) ની તરફથી મોકલવામાં આવી છે. હદીસોના ઘણા પુસ્તકોમાં શબ્દોના થોડા ફેરફાર સાથે આ તવકીઅ મુબારક મૌજુદ છે. આપના મૃત્યુની પહેલા જ્યારે અમૂક લોકોએ પુછ્યું કે આપનો વારસદાર કોણ છે ત્યારે આપે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يَا عَلِيَّ بۡنَ مُحَمَّدٍ السَّمرىّ ' اَعۡظَمَ اللّٰهُ اَجۡرَ اِخۡوَانِكَ فِيۡكَ فَاِنَّكَ مَيِّتٌ مَا بَيۡنَكَ وَ بَيۡنَ سِتَّةِ اَيَامٍ ' فَاجۡمَعۡ اَمۡرَكَ وَلَا تُوصِ اِلىٰ اَحَدٍ فَيَقُوۡمَ مَقَامَكَ بَعۡدَ وَفَاتِكَ فَقَدۡ وَقَعَتِ الۡغَيۡبَةُ التَّامَّةُ فَلَا ظُهُوۡرَ اِلَّا بَعۡدَ اِذۡنِ اللّٰهِ تَعَالىٰ ذِكۡرُهُ وَ ذَالِكَ بَعۡدَ طُوۡلِ الۡاَمَدِ وَ قَسۡوَةِ الۡقُلُوۡبِ وَامۡتِلَاءِ الۡاَرۡضِ جَوۡرًا وَ سَيَأۡتِى شِيۡعَتِى مَنۡ يَدَّعِى الۡمُشَاهَدَةَ اَلَا فَمَنِ ادَّعىَ الۡمُشَاهَدَةَ قَبۡلَ خُرُوۡجِ السُّفۡيَانِىّ وَ الصَّيۡحَةِ فَهُوَ كَذَّابٌ مُفۡتَرٌ وَلَا حَوۡلَ وَلَا قُوَّةَ اِلَا بِاللّٰهِ الۡعَلِىِّ الۡعَظِيۡمِ

નીચેની તવકીઅ તેઓની સામે રજુ કરી દીધી :

''એ અલી બીન મોહમ્મદ સમરી, ખુદાવન્દે મોતઆલ તમારી મુસીબતમાં તમારા ભાઇઓના બદલા અને સવાબમાં વધારો કરે. છ દિવસની અંદર તમે મૃત્યુ પામશો. તેથી તમે તમારા કાર્યોને આટોપી લો અને તમારા પછી કોઇને પણ વસીયત ન કરશો. તમારા મૃત્યુ પછી (નયાબતનો) આ ક્રમ કપાઇ જશે અને મોટી ગયબતની શરૂઆત થઇ જશે. હવે ખુદાના હુકમથી ઝુહુર થશે. તે પણ એક લાંબી મુદ્દત અને લોકોના સંગદીલ (પથ્થર હૃદય) થઇ ગયા પછી. અને પછી અમારા શીયા ઉપર એવો જમાનો આવશે જેમાં લોકો મારા દીદારનો દાવો કરશે. જે કોઇ સુફીયાનીના બહાર આવવા અને સહીહા (આસમાની અવાજ)થી પહેલા આ રીતનો દાવો કરશે તે જુઠ્ઠા છે અને આરોપ મૂકનારા છે. બુઝુર્ગ અને ઉચ્ચ ખુદા સિવાય કોઇ તાકત અને શક્તિ નથી.''

ઉપર દર્શાવ્યા મુજબ જ્યારે લોકોએ અલી બીન મોહમ્મદ સમરીને તેના વારસદારના બારામાં પુછ્યું ત્યારે આપે આ ''તૌકીઅ''ને તેઓની સામે રજુ કરી દીધી. તે પછી મરહુમ તબરસી (ર.અ.) કહે છે કે તે લોકોએ તવકીઅની નકલ કરી લીધી અને ચાલ્યા ગયા. જ્યારે છઠ્ઠો દિવસ આવ્યો ત્યારે લોકો ફરી આવ્યા અને જોયું કે અલી બીન મોહમ્મદ સમરી બિમાર છે અને ટૂંક સમયમાં તે મૃત્યુ પામશે. તેઓએ ફરી પુછ્યું :

مَنۡ وَصِيُّكَ مِنۡ بَعۡدكَ؟

''આપના પછી આપનો વારસદાર કોણ છે?''

لِلّٰهِ اَمۡرٌ هُوَ بَالِغُهٗ

''ખુદાને માટે અમ્ર અને મશીય્યત છે. તે ખુદ તેનું પરિણામ પહોંચાડનાર છે.''

આ આપના જીવનના અંતિમ વાક્યો હતા. આ તવકીઅના સંદર્ભના પુસ્તકો નીચે મુજબ છે :

('અલગયબા' લે. શયખ તુસી પા. ૫૯૩, 'કમાલુદ્દીન' ભાગ-૨ પા. ૬૧૫, 'અલ એહતેજાજ' ભાગ - ૨, પા. ૮૭૪, 'બેહારૂલ અન્વાર' ભાગ - ૧૫, પા. ૬૩ અને ભાગ - ૨૫, પા. ૧૫૧, અને ભાગ - ૩૫, પાના નં. ૮૧૩ 'અઅલામુલ વરા' પા. ૭૧૪, ફારસી તરજુમો, 'યવ્મુલ ઈખ્લાસ' ભાગ - ૧, પા. ૪૦૩ ફારસી તરજુમો, 'અઅયાનુશ શીયા' પા. ૫૫, 'મુન્તખબુલ અસર' પા. ૯૯૩, 'યનાબીઉલ

મોવદ્દત' ઉર્દુ તરજુમો, લાહોર પ્રકાશન) પા. ૫૧૭)

## સમાપન અને વિશ્લેષણ :

આ તવકીઅનો ઉંડાણથી અભ્યાસ કરીએ તો જણાઇ આવશે કે ઇમામે ઝમાના (અ.સ.) એ જનાબ અલી બીન મોહમ્મદ સમરી (ર.અ.) નું જુદા - જુદા ફરમાનો તરફ ધ્યાન દોર્યું છે અને સાથે સાથે તેમની પવિત્ર હાજરીનો તે વિરોધીઓને પરિચય કરાવ્યો છે, જે અહલેબયત (અ.સ.) ના શીયાઓની હાંસી ઉડાવે છે.

૧. ઇમામ (અ.સ.)ની આગાહી મુજબ અલી બીન મોહમ્મદ સમરીનું છ દિવસ પછી અવસાન થઇ જશે, અને એમજ થયું. તેથી લોકોને ખાત્રી થઇ કે તે તવકીઅ ઇમામે ઝમાના (અ.સ.) એજ મોકલી હતી.

૨. ઇમામ (અ.સ.) એ અલી બીન મોહમ્મદ સમરીને હુકમ આપ્યો કે તે પોતાનો કોઇ વારસદાર ન બનાવે. આ રીતે ઇમામ (અ.સ.) નો સીધો સંપર્ક કપાઇ ગયો. એટલે ગૈબતે કુબરામાં આપનો કોઇ **Direct** નાયબની નહી હોય અને ન કોઇ, બીજા કોઇને ઇમામનો નાયબ નીમી શકશે. આ રીતે ગૈબતે કુબરામાં જુઠા દાવેદારોનો દરવાજો બંધ થઇ જાય છે.

૩. આ તવકીઅથી એ પણ જાણી શકાય છે કે મોટી ગયબત-ગયબતે કુબરાની શરૂઆત થઇ.

૪. જ્યાં સુધી અલ્લાહ પરવાનગી ન આપે ત્યાં સુધી ઇમામ (અ.સ.) જાહેર થશે નહિ.

૫. આ તવકીઅથી એ પણ જાહેર થઇ જાય છે કે જે ઇમામ (અ.સ.) ની સાથે મુલાકાતનો દાવો કરે તે જુઠ્ઠો અને આરોપ મૂકનારો છે.

## વિરોધ :

અહિં એક વાત અપવાદરૂપે વિરોધાભાસી જણાય છે કે તવકીઅમાં છે કે મુલાકાતનો દાવો કરનાર જુઠ્ઠો છે. જ્યારે એવા અસંખ્ય પ્રસંગો અને દાસ્તાનો જોવા મળે છે કે સમાજના લોકોએ જાહેર રીતે ઇમામ (અ.સ.) ની મુલાકાતો કરી છે. આવો વિરોધાભાસ શા માટે?

## જવાબ :

અલ્લામા મજલીસી (ર.અ.) એ બેહારૂલ અન્વારમાં બે જગ્યાએ આ વિરોધાભાસનો ખુલાસો રજુ કર્યો છે. અને તેમની પછીના આલીમોએ તેનો લાભ ઉઠાવ્યો છે. અમે ખુલાસા રૂપે અહિં જવાબ લખીએ છીએ.

૧. અમૂક બુઝુર્ગોએ કહ્યું કે શક્ય છે કે દાવો કરનારને જુઠ્ઠા અને આક્ષેપ કરનાર એટલા માટે કહેવામાં આવ્યા છે કે જે લોકો નયાબતનો દાવો કરશે તેઓ ઇમામ સાથે મુલાકાત અને ચર્ચા કરે છે તેમ કહીને તેઓ પોતાને ઇમામ અને લોકો વચ્ચેનું માધ્યમ ગણાવશે. હવે એ પ્રસંગોના વર્ણનો જેમાં હઝરત સાથે મુલાકાત થઇ છે તે પ્રસંગો ઉપર વિચાર કરવામાં આવે તો જણાશે કે આ પ્રસંગો એ વાતનો પુરાવો છે કે તવકીઅમાં મુલાકાતને સંપૂર્ણ રીતે નકારી કાઢવામાં આવી નથી. પરંતુ એવા દાવાને નકાર્યો છે જે કોઇ ખાસ માણસની નયાબતનો નિર્દેશ કરતો હોય.

૨. એ પણ શક્ય છે કે 'દાવો કરનાર અને દેખાવ કરનાર જુઠ્ઠો અને આરોપ મૂકનાર છે'નો અર્થ 'ઇચ્છા મુજબની મુલાકાત અને સંપર્ક' ને નકારતા હોય એટલે કે કોઇ એ વાતનો દાવે કરે કે મુલાકાત અને સંપર્ક તે તેની ઇચ્છા મુજબ ધારે ત્યારે ઇમામની મુલાકાત કરી શકે છે તો તે માણસ જુઠ્ઠો અને આક્ષેપબાજ કહેવાયો છે. ગયબતે કુબરામાં આ પ્રકારના દાવા કરનારાને કદાપી સ્વિકારવામાં નહિ આવે.

ટૂંકમાં તેનો સાર એટલો છે કે રૂબરૂ મુલાકાતનો સંપૂર્ણ નકાર કરવામાં નથી આવ્યો. ગયબતે કુબરામાં પોતાની ઇચ્છાથી કોઇપણ વ્યક્તિ ઇમામ (અ.સ.) ને મળી શકતી નથી. હઝરત (અ.સ.) જેને ચાહે તેને મળી શકે છે. એટલે મુલાકાતનો અખત્યાર હઝરત (અ.સ.) પાસે છે.

આ રીતે મુલાકાતના મશહૂર અને સતત બનેલા પ્રસંગો અને બનાવો ઉપર કોઇ પ્રકારની શંકા કરવી યોગ્ય નથી.

## ખાસ નયાબતના ક્રમનો અંત :

આયતુલ્લાહ સય્યદ મોહમ્મદ બાકીરુસ્સદ્ર (ર.અ.) જેમને મલઉન સદ્દામે શહીદ કરી નાખ્યા, તેઓ લખે છે :

''ગયબતે કુબરાનું ગયબતે સુગરામાં પરિવર્તન થવું તે એ હકીકતનો સંકેત કરે છે કે જે હેતુ ગયબતે સુગરા માટે હતો તે પાર પડી ગયો અને આ તબક્કાવાર કાર્યક્રમથી શીયાઓમાં અચાનક જગ્યા ખાલી પડવાથી આવનારી

મુશ્કેલીઓથી શીયાઓ સુરક્ષિત થઇ ગયા. ધીરે ધીરે તેઓ ખાસ પ્રતિનિધિના બદલે સામાન્ય પ્રતિનિધિઓ તરફ વળવા માટે તૈયાર થઇ ગયા. આ પરિવર્તનથી ઇમામ (અ.સ.) ની નયાબત અને પ્રતિનિધિત્વ ખાસ નિમણુંક કરવામાં આવેલ વ્યક્તિ પાસેથી, ન્યાયી મુજતહેદોની પાસે આવી ગઇ. આ રીતે દીન અને દુનિયાના કામોમાં તેઓની તાબેદારી કરવી જરૂરી બની ગઇ.

(બહસે હવ્લુલ મહદી, પા. ૭૦)

આ માન્યતાના ટેકારૂપે ઇમામે ઝમાના (અ.સ.)ની એક ખૂબજ જાણીતી હદીસ રજુ કરીએ છીએ. આજના યુગમાં લોકમુખે છે :

اَمَّا الْحَوَادِثُ الْوَاقِعَةُ فَارْجِعُوْا فِيْهَا اِلىٰ رُوَاةِ

حَدِيْثِنَا فَاِنَّهُمْ حُجَّتِىْ عَلَيْكُمْ وَ اَنَا حُجَّةُ اللّٰهِ

‘‘અને જે બનાવો બનશે (મસઅલાઓ અને હુકમો વગેરે) તે અમારી હદીસો બયાન કરનારાઓ તરફ રજુ કરજો કારણકે તે લોકો અમારા તરફથી તમારા ઉપર હુજ્જત છે અને હું તેઓની ઉપર ખુદાની હુજ્જત છું.’’

જો કે આ હદીસને મોહમ્મદ બીન ઉસ્માન અમ્રવી (રહ.) ને લખવામાં આવેલ તવકીઅમાં નકલ કરવામાં આવી છે અને મોટા ભાગના આલીમોએ આ હદીસનો તેમની (એટલે મોહમ્મદે બીન ઉસ્માન (રહ.)ની) તરફ નિર્દેશ કર્યો છે. પરંતુ સાહેબે યવ્મુલ ખલાસ જનાબ કામીલે સુલયમાનીએ આ તવકીઅને નાની ગયબતના છેલ્લા દિવસોની તવકીઅમાં ગણતરી કરીતે તેને ચોથા નાએબ અલી બીન મોહમ્મદ સમરીની તરફ નિર્દેશ કરેલ છે.

(યવ્મુલ ખલાસ ફારસી, તરજુમો, ભાગ - ૧/૩૦૩)

નોંધ : બનવાજોગ છે કે આ હદીસ બે વખત આવી હોય. વિષય અને સંદેશાથી એમ લાગે છે કે નાની ગયબત પૂરી થયા પછી મોટી ગયબતમાં ઉપસ્થિત થનારા પ્રશ્નોના ઉકેલ તરફ ઇશારો હોય.

## અલી બીન મોહમ્મદ (ર.અ.) નું મૃત્યુ:

આપનું મૃત્યુ ૧૫ શઅબાન હિ.સ. ૩૨૯ ના થયું. છેલ્લી તવકીઅમાં ઇમામ (અ.સ.) એ આપના મૃત્યુના છ દિવસ અગાઉ આપને જાણ કરી હતી. તે મુજબ જ છ દિવસ પછી આપનું મૃત્યુ થયું.

આપની નયાબતનો સમયગાળો હિ. ૩૨૬ થી ૩૨૯ સુધી લગભગ ત્રણ વરસનો રહ્યો. આપના નયાબતના સમય દરમ્યાન બે અબ્બાસી ખલીફા રાઝી અને મુત્તકી સત્તા ઉપર હતા.

## આરામ ગાહ :

શયખ અબ્બાસ કુમ્મીએ સફીનતુલ બેહાર ભાગ - ૬ પાના નં. ૨૩૪ ઉપર લખ્યું છે કે શયખ જલીલે મોઅઝઝમ અલી બીન મોહમ્મદ સમરી, હુસયન બીન રવ્હના ઉત્તરાધિકારી બન્યા અને નયાબતની તેમની જવાબદારી ત્રણ વરસ રહી. હિજરી ૩૨૯ માં ખુદાની રહેમતે પહોંચ્યા. તે વરસ ‘તનાસુરે નુજુમ’ (સિતારાઓનું પડવું, અલામત છે આલીમો અને હદીસકારોનું મોટી સંખ્યામાં મૃત્યું પામવું) હતું. મોટી ગયબત શરૂ થઇ. આપની પવિત્ર કબર બગદાદમાં શયખ કુલયનીની કબરની નજદિક છે.

લેખકે આ કબરની ઝીયારત કરી છે. હવે આ વિસ્તાર સૌથી વધુ ગીચ અને ધમધમતો થઇ ગયો છે. ટ્રાફીકના ઘસારાના કારણે હવે ઝવ્વારો સહેલાઇથી ત્યાં પહોંચી શક્તા નથી.

શયખ તુસીએ (ર.અ.) લખ્યું છે કે આપની કબર બગદાદમાં એક માર્ગ કે જે ખલન્જીના નામે જાણીતો છે ત્યાં રોબહુલ મોહવ્વલની બાજુમાં અબુ અતાબની નહેરની નજદિક આવેલી છે. હાલમાં આ વિસ્તારને સોકુલ કોતોબ કહેવામાં આવે છે. જે દજલા નદીની પૂર્વ તરફ બાબે જમરે અતીક (જસ્રે મામુન) ની પાસે છે. જો કોઇ માણસ પૂર્વના દરવાજેથી કુર્ખની તરફ આવે તો શયખ કુલયની (ર.અ.) નો મકબરો જમણી બાજુ હશે અને તેની પાસે જનાબ અલી બીન સમરીની પવિત્ર કબર છે. ઇમામે ઝમાના (અ.સ.) ના ચાહકો સદીઓથી તેમના નાએબની ઝીયારત કરે છે.

اَلسَّلَام عَلَيْكَ يَا عَلِىَّ بْنَ مُحَمَّدٍ اَشْهَدُ

اَنَّكَ بَابُ الْمَوْلىٰ اَدَّيْتَ عَنْهُ وَ اَدَّيْتَ اِلَيْهِ

‘‘સલામ થાય આપ ઉપર એ અલી બીન મોહમ્મદ, હું ગવાહી આપું છું કે આપ મૌલા (ઇમામે ઝમાના અ.સ.)ના દરવાજા છો. આપે તેમના તરફથી (અમાનતોને) અદા કરી અને તેમની સેવામાં અમાનતોને પહોંચાડી.’’

# હઝરત મહદી (અ.સ.)ની ઈમામતમાં તૌહીદની ઝલક

તૌહિદની માન્યતામાં એ વાત છુપાએલી (સુષુપ્ત) છે કે ખુદાની સિવાય કોઈને બીજા માણસ ઉપર હુકુમત કરવાનો હક નથી. એક બાપને પણ પોતાના સંતાનો અને નાના બાળકો ઉપર હુકુમત કરવાનો હક નથી. તેથી જો એક બાપને આ હક નથી તો બીજા કોઈ પણ માણસને હુકુમત, હુકમ કરવાનો અને મના કરવાનો, કોઈપણ હોદ્દા ઉપર નિમણુંક કરવાનો કે હોદ્દા ઉપરથી ઉતારી પાડવાનો હક નહિ રહે. ત્યાં સુધી કે માનવી પોતાની રૂહ ઉપર પણ અધિકાર નથી ધરાવતો. તેથી દરેક હુકુમત અને રાજ્ય જે ખુદાની પરવાનગી વગર અસ્તિત્વમાં આવે તે જાલીમ હુકુમત હશે. અને ખુદાના કામમાં દખલગીરી કરી જણાશે. પરિણામે જો કોઈ માણસ કે કૌમ તે હુકુમતની વાતને માનશે તો જાણે કે તેણે જાલીમની તાબેદારી કરી અને અલ્લાહના આમંત્રણનો સ્વિકાર કરવાને બદલે તે માણસે એ માર્ગ પસંદ કર્યો જે ખુદાના માર્ગથી જુદો છે.

આથી જે લોકો ખુદાને એક હોવાને માને છે તેમણે એવું રાજ્ય અથવા એવા રાહબરને સ્વિકારવા જોઈએ કે જે ખુદાની તરફથી હોય અને તેની હુકુમત અને તેના રાજ્યમાં ખુદાની મરજી પણ હોય. જોઈએ તો આ સરપરસ્તી અને વિલાયત એક બાપની તેના નાના બાળક ઉપર હોય, અથવા એક માણસની પોતાની રૂહ અને માલ ઉપરની સત્તાની બાબત હોય. જો ખુદાએ બાપને પોતાના નાના બાળકો ઉપર સત્તા ભોગવવાની અને સરપરસ્તીની પરવાનગી ન આપી હોત તો બાપનો એ અધિકાર નહતો કે તે બાળક ઉપર સત્તા ચલાવે. તેવીજ રીતે જો અલ્લાહે એક માણસને ખુદ પોતાના જીવન અને રૂહનો માલિક ન બનાવ્યો હોત તો માણસ પણ પોતાની જાત અને રૂહ ઉપર સત્તા ચલાવવાનો અને પોતાના નિર્ણયો પોતાની જાત ઉપર ઠોકી બેસાડવાનો હક ન ધરાવત. જો ખુદાએ કોઈ માણસને દુનિયાનો માલિક દુનિયાનો કબજો ધરાવવા માટે ન બનાવ્યો હોત તો તે માણસ આ દુનિયાનો માલિક નથી બની શકતો. હવે જો તે માલિક હોવાનો દાવો કરે તો તેનો તે દાવો રદ થશે. કારણકે તેણે ખુદાના રાજ્યમાં પરવાનગી વગર તેના માલિક હોવાનો દાવો કર્યો છે.

ઈસ્લામની પવિત્ર શરીઅતમાં જેટલી પણ સત્તાની - વિલાયતની ચર્ચા થઈ છે તે બધાનો સંબંધ કોઈ ન કોઈ પ્રકૃતિ - ફીતરત સાથે છે અને ફીતરત શરીઅત મુજબ છે. પરંતુ આ ફીતરતની સત્તા પણ ખુદાની પરવાનગી વગર, કાયદા મુજબ શરીઅતના ક્ષેત્રમાં નથી આવી શકતી કારણ કે રાજ્ય અને સત્તા ખુદાનો મૂખ્ય અધિકાર છે. તેથી ખુદાની સિવાય કોઈ બીજી વ્યક્તિ તેમાં દખલગીરી નથી કરી શકતી. તેથી એ વાત જાહેર થાય છે કે ખુદાએ પોતાના ખાસ બંદાઓને રાજ્ય અને સત્તાની પરવાનગી આપીને તે હુકુમતને માન્યતા આપી છે. ઉપરની ચર્ચાથી એ જાણવા મળે છે કે ઈસ્લામમાં ઈમામત અને રહબરીની વ્યવસ્થા ખુદાના તરફથી છે અને ખુદાના આમંત્રણથી ખુદાના ખાસ બંદાઓને રાજ્ય અને સત્તા ચલાવવાનો અધિકાર મળે છે અને તેથી તેઓના હુકમોનું પાલન કરવું વાજીબ છે. જો તેઓના હુકમનું પાલન ન કર્યું તો તે ખુદાના હુકમનો અનાદર ગણવામાં આવશે. ઈમામ, નાએબે ઈમામ અને ફકીહોના હુકમમાં એક મૂળભૂત ફરક છે. તે એ કે જો ખુદા ન કરે ને કોઈ ફકીહે ખુદાના હુકમની વિરૂદ્ધ હુકમ કર્યો તો તેવા સંજોગોમાં ફકીહના આ હુકમને ખુદા અને તેના રસુલનો વિરોધ ગણવામાં નહિ આવે પરંતુ

لَا طَعَةَ الْمَخْلُوقِ فِىْ مَعْصِيَّةِ الْخَالِقِ

આ કથનની અનુસાર ગણાશે. ઈલાહી રાજ્યમાં ઉપરથી નીચે અથવા તેથી વિરૂદ્ધ નીચેથી ઉપર હાકીમ નથી હોતા. બલ્કે ઈલાહી રાજ્યમાં માત્ર અલ્લાહનો હુકમ ચાલે છે. જેમ કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ઈબ્ને અબ્બાસના જવાબમાં કહ્યું કે અલ્લાહની હુકુમતનો અર્થ એ થાય છે કે આ હુકુમત થકી સત્ય સ્થાપિત કરી શકાય અને અસત્યને દૂર કરી શકાય. જો આ બન્ને વસ્તુઓ ન હોય તો શરીઅતની હુકુમત બની શકતી નથી અને ન તો તે હુકુમતની તાબેદારી વાજીબ થશે. આ વ્યવસ્થામાં જવાબદાર વ્યક્તિ ખુદાની હુકુમતના નિયમોના અમલીકરણ માટે જવાબદાર છે. કોઈપણ હાકીમ અથવા નિચલા સ્તરના અધિકારીઓ કાયદો અને ખુદાના હુકમનો વિરોધ કરવાની સત્તા નથી

ધરાવતા. હુકુમતનો કોઇપણ માણસ ત્યાં સુધી કે ઇમામને પણ એ સત્તા પ્રાપ્ત નથી કે તે લોકો પાસે અલ્લાહના હુકમો સિવાય કોઇ અમલની ઇચ્છા કરે અથવા અપેક્ષા રાખે. આ હુકુમતની એક ઓળખ એ પણ છે કે તેમાં કોઇ નિર્ણય લેવા માટે લોકોની વચ્ચે વાદ વિવાદ અથવા એક બીજાની વિરૂદ્ધ લડાઇ કરવાનો વિચાર જોવા નથી મળતો. જો કોઇ માણસ કે પક્ષ ઉચ્ચ સ્થાન મેળવવા માટે એવું વિચારે અથવા કરે તો તે યકીનથી તે સ્થાન કે હોદ્દાને લાયક નથી.

આ વહીવટમાં હોદ્દો મુશ્કેલીઓ અગવડતા અને નિયંત્રણોનું નામ છે. હોદ્દો જેટલો ઉંચો હશે તેટલી જવાબદારીઓ વધશે. જ્યારે હોદ્દો ધારણ કરનારનું મૂલ્ય અને કદર તેના નિખાલસ અને સારા કાર્યો ઉપર આધારિત હશે. શક્ય છે કે એક કાર્યકર્તા પોતાના કામમાં ખુલુસ અને નિર્મળતાના કારણે જે ખુદા માટે છે અથવા પોતાના કામમાં લગન, ઉત્સાહ અને જવાબદારીના એહસાસના કારણે એક શહેરના હાકીમ અને ગવર્નરથી વધુ ખુદાની નજદિક અને પ્રિય પાત્ર હોય શકે.

અદી બીન હાતીમે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) વિષે મોઆવીયાને કહ્યું :

لَايَخَافُ الْقَوِىُّ ظُلْمَهٗ وَلَا يَيَاْسُ الضَّعِيْفُ مِنْ عَدْلِهٖ

''એ મોઆવીયા! અલી (અ.સ.) ની હુકુમતમાં કોઇ શક્તિશાળી તેમના જુલમથી ન ડરતા (કે ગુસ્સાના કારણે અથવા કોઇ લાગણીના કારણે તેના નિયમથી તેને વધુ સજા મળશે) તેમજ કોઇ વૃદ્ધ કે નિર્બળ તેમના ન્યાયથી નિરાશ ન થતા (કે કદાચ વૃદ્ધનો હક આંચકી લેવામાં ન આવે)'' એટલે સુધી કે ખુદ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું કે ''મારી દ્રષ્ટિએ નિર્બળ અને હલ્કો, ઇઝઝતવાળો છે, ત્યાં સુધી કે તેનો હક તેને અપાવી દઉં. અને મારી દ્રષ્ટિએ તાકતવર નબળો અને વૃદ્ઘ છે, ત્યાં સુધી કે હું તેની પાસેથી બીજાનો હક લઇ લઉં.''

અર્થાત : આ વ્યવસ્થામાં તૌહિદની માન્યતાનો પ્રકાશ (નુર) સોળે કળાએ ખીલી ઉઠશે. આ સમાજમાં કોઇ ભેદભાવ નહિ રહે (વહદત) અલ્લાહના એક જ હોવાની માન્યતા બાકી રહેશે, એક જ દીન હશે કાયદાઓ અને હુકુમત પણ એક જ હશે. આ હુકુમત હંમેશ અને કાયમી ધોરણે સુધારણા અને પ્રગતિનું કેન્દ્ર હશે. નમૂનારૂપે અમૂક રિવાયતોમાં આ આયતનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

فَمَنْ كَانَ يَرْجُوْا لِقَاءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلاً

صَالِحًا وَ لَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖ اَحَدًا

''માટે જે કોઇ પોતાના પરવરદિગારની હુઝુરમાં જવાની ઉમ્મેદ રાખતો હોય તો તેને જોઇએ કે સત્કાર્યો કરે, અને પોતાના પરવરદિગારની ઇબાદતમાં (બીજા) કોઇને શરીક કરે નહિ.''

(સુરએ કહફ : ૧૧૦)

આ આયતથી જાણી શકાય છે કે ખુદાની બંદગીમાં કોઇને શામેલ ન કરવાનો અર્થ ઇમામની હુકુમતની આ વ્યવસ્થામાં એ છે કે માનવીના માટે આ હુકુમત સિવાય બીજી કોઇ હુકુમત સ્વિકાર્ય ન હોય. ઇમામો (અ.સ.) માટે જ આ વિલાયત છે, બીજા લોકોને તેમાં શામેલ ન કરાય. અય્યાશીની તફસીરમાં આ આયત વિષે ઇમામ સાદિક (અ.સ.) ને કોઇએ સવાલ કર્યો. ઇમામે (અ.સ.) કહ્યું : ઇમામો (અ.સ.) ની મઅરેફત તે સૌથી શ્રેષ્ઠ અમલ છે. ( ولا يشرك (الى آخر નો અર્થ એ છે કે અલી (અ.સ.)ને માનવું અને બીજાઓને તેમની ખિલાફતમાં શામેલ ન કરવા, બીજાઓને ખીલાફતની લાયક ન ગણવા.'' હવે આ ઇમામતની અંતિમ કડી અને વ્યક્તિ, જેના જમાનામાં આપણે જીવન પસાર કરી રહ્યા છીએ અને જેમની બરકતોથી આપણે ખુદાની નેઅમતોને માણી રહ્યા છીએ, તે હઝરત હુજ્જતિબ્નીલ હસન (અ.સ.) છે. જે રીતે બીજા બધા ઇમામો (અ.સ.) ને પોતાના જમાનામાં વહીવટ કરવા, કામ શરૂ કરવા, પુરૂં કરવા કે મોકુફ કરવાની સત્તા છે તેવી જ રીતે આ ઇમામ (અ.સ.) ને પણ આવી સત્તા મળેલી છે. તેમાં તેમનો કોઇ ભાગીદાર પણ નથી. ઇમામ (અ.સ.)ના ઝુહુરના સમયે ઇમામ (અ.સ.) ની હાજરીનો વધુ લાભ ઉઠાવવા માટે એવી પરિસ્થિતિ સર્જાઇ જશે કે બધી અડચણો દૂર થઇ જશે જે બીજા ઇમામો (અ.સ.)ના જમાનામાં હતી. તેમજ આ ઇમામ (અ.સ.) ના ગયબતના જમાનામાં હતી. તે સમયે અલ્લાહના બધા નામો જેવા કે અલ વલી, અલ આદીલ, હાકીમ, સુલ્તાન, મુન્તકીમ, મોબીર, કાહેર, ઝાહેર વિગેરેનો સાચો અર્થ જાહેર થઇ જશે. બીજા શબ્દોમાં હઝરત હુજ્જત (અ.સ.) આ નામો જાહેર કરશે અને ખુદાની તરફથી હાકીમ અને વલી હશે. ખુદાની ખિલાફતનું સ્થાન ખુદાની હુજ્જતની હાજરીથી પ્રકાશિત અને ઝળહળતું થશે. તે બધા કામો, જેની ગણતરી પરવરદિગારના હુકમોમાં થાય છે, તે ખુદ ઇમામ (અ.સ.) આ બધા હુકમોને જાહેર કરવાનું કેન્દ્ર હશે.

ખુદાવન્દે આલમે પોતાની પરિપૂર્ણ હિકમતથી હઝરત (અ.સ.) ના વસીલાથી બધી વસ્તુઓને અસ્તિત્વ આપશે. આ બધા કામોનું મૂળ ખુદાનું એક હોવું -તૌહિદ હશે. અને ખુદાની પરવાનગી અને હુકમથી દરેક કામ કરવામાં આવશે.

હદીસમાં હઝરત (અ.સ.)ના ઝુહુરને વહદત (અલ્લાહના એક હોવા) ના હેતુને જાહેર થવાનું માધ્યમ ગણવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે હુકુમતનું એક હોવું કાયદાઓનું એક હોવું, દીનનું એક હોવું, સમાજનું એક હોવું-અલ્લાહ આખી દુનિયાને હઝરત (અ.સ.) ના હાથે વિજયી બનાવશે. જનાબે જાબીર (અ.ર.) ની જાણીતી હદીસમાં રસુલુલ્લાહ (સ.અ.વ.)થી નકલ કરતા ફરમાવે છે.

ذٰلِكَ الَّذِىْ يُفْتَحُ عَلىٰ يَدَيْهِ

مَشَارِقُ الْاَرْضِ وَ مَغَارِبِهَا

''આ એ જ છે જેના થકી અલ્લાહ પૂર્વ અને પશ્ચિમને જીતશે.''

વિજયનો તે દિવસ જે એક મહાન દિવસ હશે તે દિવસ કુરઆનની અમૂક તફસીર મુજબ હઝરત (અ.સ.) ના ઝુહુરનો દિવસ અને વિજયનો દિવસ છે. આ તે દિવસ છે જે દિવસે કાફીર ઇમાન લાવશે તે તેને લાભદાયક નહિ હોય અને તેઓને મોહલત આપવામાં નહિ આવે. જેમકે હદીસમાં છે કે કોઇ શહેર કે ગામડું એવું નહિ હોય જેમાં لَا اِلٰهَ اِلَّا اللّٰه નો અવાજ સંભળાતો ન હોય. ઇસ્લામ જગતનો ધર્મ હશે. રાજ્યો અને દેશોની વાડાબંધીનો અંત આવી ગયો હશે. સમગ્ર જગત એક હશે. કોઇ દેશમાં જવા માટે પરવાનગીની (પાસપોર્ટ - વિઝા) ની જરૂર નહિ રહે. આજે જે દેશના નામ ઉપર લોકોને વહેંચી દેવામાં આવ્યા છે, લોકો જુદા જુદા દેશના નામે ઓળખવામાં આવે છે તે બધાનો અંત આવી જશે.

તે જમાનામાં અકીદાની અસરો અને બરકતો હશે. ખુદાના બારામાં ઇમાન જાહેર થઇ જશે. જે આ આયતથી જાણી શકાય છે.

وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰٓى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا

عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ

''અને જો તે વસ્તીવાળાઓ ઇમાન લઇ આવતે તથા ડરતા રહેતે તો અમે તેમના પર આકાશ તથા જમીનની બરકતો (ના દરવાજા) ખોલી નાખતે.''

(સુરએ અઅરાફ : ૯૬)

જમીન અને આસમાનની બરકતોના દરવાજા લોકોને માટે ખોલી નાખવામાં આવશે. લડાઇ અને ઝઘડા - દોસ્તી અને બિરાદરીમાં, વેર અને ઇર્ષ્યા - સંપ અને સુલેહમાં અને પશ્ચિમી સંસ્કૃતિ - ખરેખરા પાક દીન અલ્લાહના નીઝામ - ઇસ્લામમાં બદલાઇ જશે.

ઉપરની બાબતોની દલીલ ઇમામની તે હદીસ છે જે અય્યાશીએ ઇબ્ને બકીરથી રિવાયત કરી છે : ઇબ્ને બકીર કહે છે કે મેં ઇમામ મુસા ઇબ્ને જઅફર (અ.સ.) ને આ આયતના બારામાં સવાલ કર્યો.

وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ

طَوْعًا وَّ كَرْهًا وَّ اِلَيْهِ يُرْجَعُوْنَ

''જ્યારે આકાશો અને જમીનમાં જે કાંઇ છે તે સ્વેચ્છા કે અનિચ્છાએ તેને તાબે થાય છે અને તેનીજ તરફ પાછા ફેરવવામાં આવશે.''

(સુરએ આલે ઇમરાન : ૮૩)

ઇમામે (અ.સ.) જવાબ આપ્યો : ''આ આયત અમારા કાએમ (અ.સ.) ના અનુસંધાનમાં ઉતરી છે. જ્યારે તે જાહેર થશે ત્યારે ઇસ્લામને પૂર્વથી પશ્ચિમ સુધીના કાફીરોની સામે રજુ કરશે. પછી જેણે તાબેદાર બનીને ઇસ્લામને સ્વિકારી લીધો હશે, તેને એ બાબતોનો હુકમ આપશે, જે બાબતોનો હુકમ મુસલમાનોને આપવામાં આવ્યો છે. રોઝા, નમાઝ, હજ, ઝકાત વિગેરે. પરંતુ જો કોઇએ ઇસ્લામ ન સ્વિકાર્યો તો તેઓને ઇમામ (અ.સ.) કતલ કરી નાખશે ત્યાં સુધી કે પૂર્વ અને પશ્ચિમમાં અલ્લાહની વહદાનિય્યતનો સ્વિકાર કરનારા સિવાય કોઇ બાકી નહિ હોય.'' ઇબ્ન બકીર કહે છે કે મેં ઇમામ (અ.સ.) ને કહ્યું કે ''મારી જાન આપ ઉપર ફીદા થાય (મખ્લૂક) લોકો એટલા બધા વધુ છે કે શું તેઓને યા તો કતલ કરી દેવામાં આવશે અથવા મોઅમીન બનાવી દેવામાં આવશે?'' ઇમામે જવાબમાં કહ્યું કે ''બેશક, અલ્લાહ જ્યારે ઇરાદો કરે છે તો થોડાનું વધુ અને વધારેનું થોડું કરી દે છે.'' એક બીજી રિવાયત ઇમામ બાકીર (અ.સ.) થી આવેલી છે જે આ આયતના બારામાં છે.

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا

الزَّكٰوةَ وَ اَمَرُوْا بِالْمَعْرُوْفِ وَ نَهَوْا عَنِ الْمُنْكَرِ ؕ وَ لِلّٰهِ

عَاقِبَةُ الْاُمُوْرِ

''તેઓ એવા લોકો છે કે જો તેમને અમે જમીનમાં સત્તા આપીએ તો પણ તેઓ (રીતસર) નમાઝ પડશે તથા ઝકાત આપશે અને સત્કાર્યોના હુકમ કરશે તથા બદીની મનાઇ કરશે; અને સઘળા કામોનું પરિણામ અલ્લાહનાજ અધિકારમાં છે.''

(સુરએ હજ્જ : ૪૧)

(અનુસંધાન પાના નં. ૬ ઉપર)

# વિલાયતના સંરક્ષકો

આલીમોની ટીકા કરવી તે લોકોનો સૌથી વધુ રસપ્રદ વિષય છે. જ્યારે આ વાત છેડાઇ જાય છે ત્યારે દરેક કાંઇને કાંઇ કહેવા માગતા હોય છે. દરેકની પાસે બે ચાર પ્રસંગો ચોક્કસ હોય છે. અમૂક લોકો તો આ પ્રકારની ટીકાને પોતાનો હક સમજે છે. અને તેમાં ડહાપણ ગણે છે. તે કદાચ એ હકીકત નથી જાણતા કે દુનિયામાં (નબીઓ, ઇમામો, અલ્લાહના પ્રતિનિધિઓ સિવાય) કોઇ એક ક્ષેત્ર એવું નથી જેમાં દરેક પ્રકારની વ્યક્તિ ન હોય. વેપારી, કારીગર, મજુર, એન્જિનીયર, ડોક્ટર, વકીલ, શિક્ષક, વિદ્યાર્થી ...... ના દરેક ક્ષેત્રમાં દરેક પ્રકારની વ્યક્તિઓ જોવા મળે છે : સારી, ઘણી સારી, ખરાબ, ઘણી ખરાબ, બજારમાં દરેક પ્રકારની વસ્તુઓ આવે છે. અસલ અને નકલ બન્ને. તેનો ઉકેલ ટીકા કરવાથી નહિ આવે, પરંતુ ચકાસણી કરવાથી આવશે. જેથી અસલ અને નકલનો ભેદ જાણી શકાય. આપણે દુનિયામાંથી તાત્કાલીક આ બધી વસ્તુઓનો નાશ ન કરી શકીએ. તેથી પોતાને બનાવટથી સુરક્ષિત રાખવા માટે આપણી 'તુલ્નાત્મક દ્રષ્ટિ' હોવી જરૂરી છે. તપાસ રાખવી. કસોટી પોતાની સાથે રાખવી જેથી છેતરાઇ ન જવાય.

જ્યારે ઇસ્લામના ઇતિહાસ ઉપર નજર કરીએ છીએ ત્યારે ચમકતું મોઢું અને નુરાની કપાળવાળા આલીમો નજરે પડે છે, જેમના માથા ઉપર અહલેબયત (અ.સ.) ની ઇમામત અને વિલાયતની ખીદમતનો સોનેરી તાજ ચમકી રહ્યો હોય છે. જેની હાજરીથી જીવન કુરબાન કરવાની ઇચ્છા થઇ આવે છે. જો આજે આ મજબૂત મનોબળવાળા રક્ષકો ન હોત તો કેટલાય લોકો દીને હકથી ફરી ગયા હોત.

હઝરત ઇમામ અલી નકી (અ.સ.) એ આ પ્રકારના આલીમોના બારામાં કહ્યું :

''જો અમારા કાએમની ગયબતમાં પછી એવા આલીમો ન હોતે જે લોકોને ઇમામની તરફ દાવત દેતે અને તેમના તરફ માર્ગદર્શન આપતે, ખુદાએ આપેલી સચોટ દલીલોથી તેના દીનનું રક્ષણ ન કરતે, ખુદાના નિર્બળ અને વૃદ્ધ બંદાઓને શયતાનની જાળમાંથી મૂક્તિ ન અપાવતે, વિદ્રોહીઓ અને દુશ્મનોની બુરાઇથી આઝાદ ન કરાવતે, તો યકીનથી બધા લોકો ખુદાના દીનથી બહાર ફેંકાઇ જતે અને મુરતદ (ઇસ્લામમાંથી દૂર) થઇ જતે. પરંતુ આ એજ લોકો છે જે અશક્તિમાન શીયાઓને એ રીતે સંભાળી રહ્યા છે જેવી રીતે ખલાસી હોડીને સંભાળી રાખે છે. આ જ લોકો ખુદાની નજદિક વધુ સન્માન ધરાવે છે.''

(બેહારૂલ અન્વાર, ૨/૬, હ. ૧૨)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી બલ્કે વધારે સાચું એ છે કે જ્યારથી લોકોને ખાત્રી થઇ ગઇ કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની પછી ઇમામત અને ઉમ્મતની રહેબરી માટે ખુદાવન્દે આલમે અહલેબયત (અ.સ.)ને ચૂંટ્યા છે અને આ સ્થાન માટે બાકીની ઉમ્મતનો કોઇ હક નથી, તે સમયથી જ લોકો એ ફીકરમાં પડી ગયા કે કેવી રીતે લોકોને તેમનાથી અલગ કરવામાં આવે અને સીધા માર્ગથી દૂર કરવામાં આવે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના જીવનમાં આ બધી વાતો મોટા ભાગના લોકોના ધ્યાનમાં હતી. પરંતુ આ વિચારો મગજમાંથી નીકળીને જીભ અને અમલ સુધી આવતા ન હતા. તેમ છતાં આપના મૃત્યુ પછી આ બધી હકીકતો ઉપર વિચાર કરવામાં આવે તો આ બાબત સહેલાઇથી સમજાઇ જશે. આ સમગ્ર કાર્યવાહી આકસ્મિક ઘટના ન હતી. તે તો માત્ર બુદ્ધિપૂર્વકનું ષડયંત્ર હતું પરંતુ તેનો ઢાંક પીછોડો કરવા માટે તેને આકસ્મિક ઘટનામાં ખપાવવામાં આવી હતી.

મઅસુમોના જીવન દરમ્યાન લોકોમાં આ પ્રકારની શંકાઓ ફેલાતી રહી અને દરેક જમાનામાં દોસ્તો અને આલીમો હતા જે આ શંકાઓનો જડબા તોડ સામનો કરતા રહ્યા અને સચ્ચાઇના ચાહકોને સીધા માર્ગનું શિક્ષણ આપતા રહ્યા. જેમાં જનાબ સલમાન, અબુઝર, અમ્માર, મીસમે તમ્માર, રશીદ હુજરી, હુજ બીન અદી, ઝોરારહ, મોમીને તાક, હેશામ બીન હકમ, ફઝલ બીન શાઝાન...... વિગેરે સૂર્યની જેમ ઝળહળતા અને પ્રકાશિત છે.

હિજરી ૨૬૦માં જ્યારે હઝરત ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની શહાદત થઇ અને હઝરત ઇમામ અસ્ર (અ.સ.) ની ગયબતની શરૂઆત થઇ ત્યારે દુનિયાએ

કદર ન કરવાના કારણે ઇમામતનો સૂર્ય ખુદાના હુકમથી ગયબતના વાદળ પાછળ ચાલ્યો ગયો. તે સમયે આ લોકોને વધુ ફુલવા ફાલવાની તક મળી ગઇ. તે લોકો માનતા હતા કે છેલ્લા ઇમામ (અ.સ.) ના ગયબતમાં ચાલ્યા જવાથી તેઓને મોકળું મેદાન મળી જશે. હવે શીયાઓ માટે ઇલ્મનું આરક્ષણ નહિ રહે. તેઓનો સંપર્ક ઇલ્મ અને મઅરેફતથી કપાઇ જશે.

ઇમામ (અ.સ.) ના ગયબતમાં ચાલ્યા જવાથી તેમનો લોકો સાથેનો સંપર્ક કપાઇ જતો નથી. માત્ર માર્ગદર્શનની અને દોરવણીની પદ્ધતિ બદલાઇ જાય છે. તે માટે ગયબત, હાજરી અને ઝુહુરનો તફાવત તે લોકો માટે છે જે બધી મર્યાદાઓ અને કાયદાઓમાં સપડાએલાં છે. પરંતુ એ હસ્તી કે જે જમાના ઉપર નિયંત્રણ ધરાવવી હોય, જેની સામે આખું જગત હાથની હથેળીથી વધુ સ્પષ્ટ હોય તેના ગયબત અને હાજરીમાં શું તફાવત હોય શકે? ઇલ્મનું ઝરણું હંમેશા વહી રહ્યું છે તેનો લાભ ઉઠાવનારાઓની શક્તિ અને લાયકાત ઉપર આધારિત છે.

આ ગયબતના જમાનામાં આ દુનિયા ક્યારે પણ પવિત્ર ચારિત્ર્ય, પવિત્ર બાતીન, પાક વિચારો........ નિખાલસ આલીમોથી ખાલી નથી રહી અને ન રહેશે. હઝરત અલી (અ.સ.) એ તેમના એક ખુત્બામાં આ રીતે ફરમાવ્યું છે :

''એ ખુદા! હું જાણું છું કે સમગ્ર ઇલ્મનો ન અંત આવશે અને ન તો તેના બધા ઝરણાઓ સુકાઇ જશે. તું હકીકતમાં તારી દુનિયાને તારી હુજ્જતથી ખાલી નહિ રાખે. પછી તે જાહેર હોય અને લોકો તેની તાબેદારી અને અનુસરણ ન કરતા હોય અને ચાહે તે ડરતા હોય અને છુપોઅલા હોય.''

''તું દુનિયાને તારી હુજ્જતથી એટલા માટે ખાલી નહિ રાખે જેથી તારી દલીલ ખોટી ન ઠરે. અને તારા વલીઓ, તારા દોસ્તો હિદાયત પામ્યા પછી ગુમરાહ ન થાય.''

હવે અહિંથી ખુદાના વલીઓની (ઓલમાઓની) વાત શરૂ થાય છે.

''પરંતુ આ હઝરતો કયાં છે? તેઓની સંખ્યા કેટલી છે?''

''આ હઝરતો સંખ્યાની દ્રષ્ટિએ ઓછા છે. પરંતુ મહાન ખુદાવંદની દ્રષ્ટિમાં ઘણા અઝમતવાળા છે. આ હઝરતો મઅસુમ ઇમામ (અ.સ.) ના અનુસરનારા છે. હઝરત (અ.સ.) ના જીવન અને ચારિત્ર્યથી માહિતગાર અને સદ્‌ગુણોથી ભરપૂર છે.''

''આથી (ખુદાની મહેરબાનીઓ તેમની સાથે છે એટલે) ઇલ્મે સંપૂર્ણ રીતે તેઓની તરફ અમી દ્રષ્ટિ નાખી છે. તે ઇલ્મ જે ઇમાનની હકીકતો ઉપર આધારિત છે, જેથી તેઓની રૂહે ઇલ્મના માર્ગદર્શકોનું આમંત્રણ સ્વિકાર્યું. તે હદીસો તેઓના માટે સહેલી થઇ ગઇ જે બીજા માટે અસંભવ હતી અને તે વાતો જેનાથી જૂઠા અને આક્ષેપ કરનાર ગભરાતા હતા અને ભયભીત થઇ જતા હતા. અતિશયોક્તિ કરનારા તેનો ઇન્કાર કરતા હતા.''

(સદ્‌ગુણો અને પ્રસંશાઓ, વિલાયત અને ઇતાઅત, ખાસ કરીને ઇમામો (અ.સ.) ની વિલાયત અંગે જે વિશ્વાસપાત્ર અને સનદો ધરાવતી હદીસો છે જેના કારણે અહલેબયત (અ.સ.)ના વિરોધીઓ ભય પામી જાય છે. અને સ્વિકારવાથી ડરે છે, તેને તેઓની પાક રૂહો અને પાક અંતરાત્મા તેને સહેલાઇથી સ્વિકારી લે છે.)

''આ છે તે સન્માનીય આલીમોની હસ્તીઓ જે મઅસુમ ઇમામની ઇતાઅત અને તાબેદારી અને અનુસરણને ખુદાની ઇતાઅતની જેમ વાજીબ માને છે. તેઓ ખુદાના વલીઓ છે. પોતાના દુશ્મનોના ભયથી ''તકય્યા''માં છે. તેઓની રૂહો ઉચ્ચ અને અધ્ધર છે. (અર્થાતઃ શારીરિક રીતે લોકોની સાથે છે. પરંતુ રૂહાની અર્થમાં તેમનાથી જુદા છે.) આપના આલીમો, આપના અનુસરનારાઓ સંપૂર્ણ રીતે અત્યાચારી હુકુમતમાં છુપાએલા છે અને ચૂપ છે. તેઓ અલ્લાહની હુકુમતની રાહ જોઇ રહ્યા છે. ખુદાવન્દે આલમ પોતાની હક વાતને સ્થાપીત કરશે અને જુઠને નાબૂદ કરશે.''

''તેમના આરામના દિવસોમાં (એટલે ઝુહુરની પહેલા) તેઓ દિને ઇસ્લામ માટે જે સબર અને ધીરજ ધરી રહ્યા છે તે તેમને મુબારક થાય.''

''તેમની હુકુમત અને ઝુહુરના જમાનામાં તેમને જોવાનો મને કેટલો શોખ છે!''

''ખુદા આપણને અને તેમને પોતાની જન્નતમાં તેમના ચારિત્ર્યવાન મા - બાપ, પત્નિઓ અને સંતાનો સાથે ભેગા કરે.''

(ઉસુલે કાફી, ભાગ - ૧, કિતાબુલ હુજ્જ)

આ હદીસનું એક એક વાક્ય ગયબતના જમાનાના આલીમોની અઝમતોને જાહેર કરે છે. તેઓના ઇલ્મ અને તેઓના ચારિત્ર્યની ચોખવટ કરે છે.

આજના જમાનાની આધુનિક સગવડતા અને સાધનો ન જુઓ બલ્કે તે સમયની સ્થિતિનો અભ્યાસ કરો જ્યારે બધી બાજુઓથી અકીદાઓ ઉપર હુમલા થઇ રહ્યા હતા. અકીદાઓ જાહેર કરવા ઉપર પ્રતિબંધ હતો. તે સમયની

હુકુમતોની પાબંદીઓ હતી. સાધનો અપ્રાપ્ય હતા. એક એક હદીસને શોધવા માટે ઠેક ઠેકાણે મુસાફરી કરવી પડતી હતી. એક એક પુસ્તકની શોધમાં દૂર દૂર સુધી ફરી વળવું પડતું હતું. વળી આ પુસ્તકો શોધીને પછી તેનો અભ્યાસ કરવા માટે રાતના વખતે પૂરતા પ્રકાશનો અભાવ. તદુપરાંત તે સમયના પુસ્તકો આજના જેવા ચોખ્ખા અને સુંદર હસ્તાક્ષરવાળા ન હતા. પેરાગ્રાફ અને પ્રકરણો એક બીજાથી સ્પષ્ટતા સાથે જુદા ન્હોતા પાડવામાં આવતા. અમૂક પુસ્તકોમાં પાના નંબર પણ લખેલા ન હતા.... આ પુસ્તકોને ભેગા કરવા પછી તેનો અભ્યાસ કરવો.... આ બધી મુશ્કેલીઓને નજર સામે રાખીને પછી જ્યારે આપણે તે સમયના આલીમોના પુસ્તકોનું ઉંડાણ, વિરોધીઓ ઉઠાવેલા વાંધાઓના સચોટ જવાબો અને હવાલા જોઇએ છીએ તો અક્કલ આશ્ચર્યમાં ડૂબી જાય છે. પછી તેની સાથે પુસ્તકોની સંખ્યા. આ લોકો ક્યારે અભ્યાસ કરતા હતા, ક્યારે આરામ કરતા હતા અને ક્યારે લખતા હતા. આ બુઝુર્ગ મરતબો ધરાવતા આલીમો ઘરના ખુણામાં બેસી રહેતા પણ ન હતા. બલ્કે લોકોના ''મરજાઅ'' હતા. લોકોની વચ્ચે રહેતા હતા. તેઓના પ્રશ્નોના ઉકેલ આપતા હતા.

તે સમયના આલીમોને આટલી બધી શક્તિ પૂરી પાડવા પાછળ બસ એક જ કારણ દેખાય છે કે આ માત્ર ખુદા અને ખુદાના વલી તરફથી મળતા ઉપહારોનું પરિણામ છે. ત્યારે જ તો મૌલાએ કાએનાત હઝરત અલી (અ.સ.) તેમને જોવાની તમન્ના કરી રહ્યા છે.

જનાબ શયખ મુફીદ (અ.ર.) વિષે જાણવા મળે છે.

مَا كَان نيام من الليل اِلَّا هجة ثم يقوم

يُصَلّى اويطالع او يدرس او يتلو القرآن

''આપ રાત્રે થોડી વાર સુતા હતા પછી જાગીને નમાઝ પડતા અથવા અભ્યાસ કરતા અથવા શીખવાડતા અથવા કુરઆને કરીમની તિલાવત કરતા હતા.''

(અત્તહઝીબે મુકદ્દેસા : ૩૧,૩૩)

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

''અમારા શીયા આલીમો સરહદો ઉપર અડગ રહીને શયતાની હુમલાઓનો મુકાબલો કરી રહ્યા છે. શયતાન અને તેના અનુયાયીઓનો જવાબ આપી રહ્યા છે અને નબળા શીયાઓનું આ શયતાનોના હુમલાથી રક્ષણ કરી રહ્યા છે. ધર્મના દુશ્મનોની છેતરામણી (છળકપટ) થી વશ થતા રોકી રહ્યા છે.

હા, અમારા શીયાઓમાંથી જે પણ આ ઉચ્ચ સ્થાન ઉપર બિરાજમાન હોય તે રોમ અને તુર્કસ્તાન સાથે લડાઇ કરનારાઓથી હજાર હજાર (૧૦ લાખ) ગણા દરજ્જા ઉપર છે. કારણ કે આ (આલીમો) અમારા દોસ્તોના દીનનું રક્ષણ કરી રહ્યા છે, જ્યારે તે લોકો શરીરનું રક્ષણ કરી રહ્યા છે. દુશ્મનોને એકઠા થવાથી રોકી રાખે છે.''

(અલ એહતેજાજે તબરી, પા. ૮)

આ હદીસથી જાણી શકાય છે કે મઅસુમ ઇમામો (અ.સ.) ની દ્રષ્ટિએ આ આલીમોનું મૂલ્ય ઘણું ઉંચું હતું, જે શીયાઓના દીનનું રક્ષણ કરી રહ્યા હતા. દીની તાલીમ આપીને એહલેબયત (અ.સ.) ના નબળા અને ઝઇફ દોસ્તોના દિલોને નવી નવી શંકાઓથી સુરક્ષિત રાખતા હતા. શયતાન અને તેના અનુયાયીઓ અગાઉ બીજા કોઇ સ્વરૂપે સામે આવ્યા હતા. અને આજે બીજા કોઇ સ્વરૂપે. પરંતુ બન્નેનો હેતુ એક છે. એટલે કે અહલેબયત (અ.સ.) ના શીયાઓને તેઓના દીનથી દૂર કરવા. દીનથી દૂર કરવાનો અર્થ માત્ર એ નથી કે તેઓને દીનદારથી બેદીન બનાવી દેવામાં આવે. બલ્કે તેનો એક અર્થ એ પણ છે કે દીનની સાથે રહીને દીનની જરૂરીયાતો, દીનની ગયરત, દીનના કાર્યો, દીનની જવાબદારી....... ને આંચકી લેવામાં આવે. તેઓને એવા બનાવી દેવા કે તેઓ સમાજનો નાશ થતા અને બરબાદ થતા જૂએ તો પણ ખુદ તેમાં કોઇ દીની ગયરત ન અનુભવે.

આજે જે કાંઇ પણ થોડી દીની ગયરત દેખાય છે તે પણ શીયા આલીમોની કામગીરી અને તબલીગનું પરિણામ છે. જો કે હજી ઘણું કામ બાકી છે. જે કરવાનું છે, તે આજ સુધી જે થઇ ચૂક્યું છે તેના કરતા ઘણું વધારે છે.

જમાનાના ઇમામ (અ.સ.) ખુદા અને લોકો વચ્ચે મદદ અને રહેમત પહોંચાડવાનું માધ્યમ છે. તેનો અર્થ એ થાય છે કે હાલમાં દુનિયાને ખુદા તરફથી જે કાંઇ મળી રહ્યું છે તે જમાનાના ઇમામ (અ.સ.) મારફતે મળી રહ્યું છે. ઝીયારતે જામેઆ કબીરામાં આ હકીકતની તરફ ઇશારો કરવામાં આવ્યો છે.

بِكُمُ فَتَحَ اللّٰهُ و بِكُمُ يَخْتِمُ وَ بِكُمُ يُنَزِّلُ

الْغَيْثَ وَ بِكُمُ يُمْسِكُ السَّمَآءَ اَنْ تَقَعَ عَلَى

الْاَرْضِ اِلَّا بِاِذْنِه وَ بِكُمُ يُنَفِّسُ الْهَمَّ

''ખુદાએ આપના અસ્તિત્વના કારણે શરૂઆત કરી અને આપનીજ જાત ઉપર સૃષ્ટિસર્જનને પુરી કરશે. આપના કારણે વરસાદ વરસે છે અને આપનાજ કારણે આસમાન જમીન ઉપર પડવાથી રોકાએલું છે. આપના જ કારણે દુ:ખ અને મુસીબત દૂર થાય છે.''

આ સિવાય ખુદ ઇમામે ઝમાના (અ.સ.) એ પોતાની ખાસ કૃપાઓને શયખ મુફીદ (અ.ર.) ની તવકીઅમાં આ રીતે બયાન ફરમાવ્યું :

اِنَّا غَيْرُ مُهْمِلِيْنَ لِمُرَاعَاتِكُمْ وَ لَا نَاسِيْنَ لِذِكْرِكُمْ

''અમે તમારા રક્ષણની દેખરેખમાં ચૂક નથી કરતા અને ન તમારી યાદને ભુલાવી દઇએ છીએ. જો એવું ન હોતે તો આફતો તમને ઘેરી લેતે અને દુશ્મનો તમારી ઉપર કાબુ મેળવી લેતે.''

ઇમામ (અ.સ.) ની એ મહેરબાની છે કે આજે દુનિયામાં શીયા, લડાઇ ઝઘડાથી ઘણા સલામત છે. આજે જે થોડી ઘણી આફતો અને મુશ્કેલીઓ છે, તો તેમાં કોઇ મસ્લેહત જરૂર છે. એક સર્વસામાન્ય મસ્લેહત તો એ છે કે મુસીબતો આપણને અમૂક અંશે જાગૃત, ચેતનવંતા અને કાર્યરત રાખે છે. જો આ પણ ન હોત તો આપણે સંપૂર્ણ રીતે ઇમામ (અ.સ.) વિસરી જતે.

આલીમોની સાથે તો ઇમામે ઝમાના (અ.સ.)ની સૌથી વિશેષ મહેરબાનીઓ રહી છે. ક્યારેક આ મહેરબાનીઓ જાહેર થઇ છે અને તેની વિગતો પુસ્તકો વિગેરેમાં જોવા મળે છે. જ્યારે મોટાભાગની એવી મહેરબાનીઓ છે જેની તરફ કોઇનું ધ્યાન જ નથી. ઇમામ (અ.સ.) એ ઇમામ (અ.સ.) છે તે કોઇ દુનિયાના રહેબર જેવા તો છે નહિ કે એક કામ કરીને તેની જાહેરાત કરાવે અને છાપામાં ફોટા છપાવે.

આ વિષે ફારસીમાં અસંખ્ય પુસ્તકો લખવામાં આવ્યા છે. તેમાં માત્ર આ મહેરબાનીઓની વિગત છે કે જે આલીમોને મળી છે. એક વાત બિલકુલ સ્પષ્ટ છે કે અહિંયાના વાતાવરણમાં શીયાઓની ઇમામત અને વિલાયતનું રક્ષણ ઇમામે અસ્ર (અ.સ.) ની મહેરબાનીઓ વગર શક્ય નથી. પરંતુ આ વિષય ઉપર કોઇ ખાસ અને સંપૂર્ણ પુસ્તક જાહેરમાં જોવામાં આવ્યું નથી. જો કોઇ લેખક આ વિષય ઉપર ધ્યાન આપે અને બનેલા વિશ્વાસપાત્ર બનાવોને લખે તો આ પણ એક ખીદમત ગણાશે. જેનો બદલો મોટો છે. તદુપરાંત ઇમામે અસ્ર (અ.સ.)ની તરફ ધ્યાન દોરવા અને ઇમામ (અ.સ.) સાથે વધુમાં વધુ ચાહના મેળવવા અને એમની મહેરબાનીઓને પ્રાપ્ત કરવાનું માધ્યમ અને મદદ ગણાશે.

આ લેખને માત્ર એક પ્રસંગનું વર્ણન કરીને સમાપ્ત કરીએ છીએ :

જ્યારે આયતુલ્લાહ સૈયદ અબુલ હસન બેહબેહાની (અ.ર.) ના પુત્રને શહીદ કરવામાં આવ્યા ત્યારે તેમણે વિચાર્યું કે બધું છોડીને નિવૃત્ત, એકાંતવાસી થઇ જાય અને રહેબરીથી હાથ ઉઠાવી લે. તે સમયે જનાબ હુજ્જતુલ ઇસ્લામ વલ મુસ્લેમીન આયતુલ્લાહ શયખ મોહમ્મદ કુફી શુસ્તરી (જેમણે ૪૦ થી વધુ હજ કરી હતી.) મારફતે ઇમામે અસ્ર (અ.સ.) એ નીચેનો સંદેશો મોકલ્યો.

قُلْ لَهُ اَرْخِصْ نَفْسَكَ وَاجْعَلْ مَجْلِسَكَ فِى

الدَّهْلِيْزِ وَاقْضِ حَوَائِجَ النَّاسِ نَحْنُ نَنْصُرُكَ

''તેમને કહીદો કે તેઓની (લોકોની) સાથ સંપર્ક અને વ્યવહાર ચાલુ રાખે. પોતાની બેઠક પોતાના ઘરના ઉંબરા ઉપર રાખે. અને લોકોની જરૂરતોને પૂરી કરે. અમે તેમની મદદ કરશું.''


(ઇનાયાતે હ. મહદીએ મવઉદ ઓલમા વ મરાજએ તકલીદ, પા. ૧૧૦)

આ પવિત્ર તવકીઅનું છેલ્લું વાક્ય نَحْنُ نَنْصُرُكَ (અમે તમારી મદદ કરશું) ખાસ ધ્યાન આપવાને પાત્ર છે. એટલે જો અહલેબયત (અ.સ.) ના કોઇ શીયાની ભૌતિક અને નૈતિક જરૂરિયાતોને પૂરી કરે અને તે કામ માટે આગળ વધે તો ઇમામે અસ્ર (અ.સ.) તેની ચોક્કસ મદદ કરશે.

ખુદાવંદે આલમ આપણને સૌને એવા કામ કરવાની શક્તિ આપે જે હઝરત વલી અસ્ર (અ.સ.) નું ધ્યાન આપણી તરફ આકર્ષિત કરે.

❋ ❋ ❋

# ઈમામ મહદી (અ.સ.) માટે દોઆ



દોઆ એક એવો વિષય છે કે જેનું ઇસ્લામની ઓળખ અને સમજમાં એક ખાસ સ્થાન છે. તેના મહત્વની ઘણી તાકીદ કરવામાં આવી છે. રિવાયતોમાં દર્શાવ્યા મુજબ દોઆ મોઅમીનનું શસ્ત્ર છે. જેના થકી તે બલાઓ અને મુસીબતોને દૂર કરે છે. આ તે શસ્ત્ર છે જેના થકી તેના માટે પરદાઓ ઉંચકાઇ જાય છે. તે એવા ઉચ્ચ સ્થાન ઉપર પહોંચે છે કે નબીઓ (અ.સ.) અને ઇમામો (અ.સ.) ની ખુશી મેળવી લે છે.

મઅસુમ ઇમામો (અ.સ.) ની હદીસમાં એવા અસંખ્ય લાભ લખાએલા છે, જે માણસને દોઆ થકી મળે છે. તેમાંથી થોડા લાભો નીચે દર્શાવવામાં આવ્યા છે.

### સંપર્ક :

માણસ તેની ફીતરત મુજબ દુઃખ અને મુસીબતના સમયે પોતે એકલો હોવાનો અનુભવ કરે છે. તેથી તેને પોતાના સર્જનહારની જરૂર જણાય છે. એટલા માટે એ જરૂરી છે કે તેનો તેના ખાલીક અને સર્જનહારની સાથે સાચો અને કાયમી સંપર્ક હોય, જેથી તેની નમ્રતા અને બંદગી જાહેર થાય.

### દોઆનો હેતુ :

દુઃખ, મુસીબત, પરેશાની અને ગરીબી જેવી તકલીફોમાં માણસ માત્ર પોતાના ખાલીકને દોઆ થકી ફરિયાદ કરે છે. માણસની એ નબળાઇ છે કે તે ઉતાવળ કરે છે અને ભૂલી જાય છે કે અલ્લાહ શું ઇચ્છે છે, જ્યારે તેણે પોતાના રસુલ (સ.અ.વ.) મારફતે આ સંદેશો આપી દીધો છે.

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ ''અને અમે જીન અને ઇન્સાનને પેદા નથી કર્યા સિવાય કે તે (મારી) ઇબાદત કરે.''

આવી જ રીતે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું છે :

اَلدُّعَآءُ مُخُّ الْعِبَادَةِ

''દોઆ ઇબાદતની રૂહ છે.''

માનવી દુનિયાની ભૌતિકતામાં એવી રીતે ઓતપ્રોત થઇ જાય છે કે તે ઇમામો (અ.સ.) ના કથનોને ભૂલી જાય છે. માનવી જે કાંઇપણ કાર્યો આ દુનિયામાં કરે છે તેનું ફળ આખેરતમાં મેળવે છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે :

وَ اِنَّ الْيَوْمَ عَمَلٌ وَلَا حِسَابَ

وَ غَدًا حِسَابٌ وَلَا عَمَلَ

''... આજે અમલનો દિવસ છે અને કોઇ હિસાબ નથી. જ્યારે કાલે હિસાબનો દિવસ હશે અને અમલ નહી કરી શકો.''

(નહજુલ બલાગાહ, ખુત્બો ૨૪)

એટલા માટે આપણા અમલ ઉપર વિચાર કરવો જોઇએ અને મૃત્યુ આવે તે પહેલા પોતાના નફસનો હિસાબ લેવો જોઇએ.

ખુદાવન્દે આલમે પોતાની બક્ષિસ અને મહેરબાનીથી તેના નિર્બળ બંદાને દોઆ માટે થોડી રીત બતાવી છે, જેથી તેની હિદાયત થઇ શકે. ખુદાવન્દે આલમ ફરમાવે છે :

اُدْعُوْنِىْٓ اَسْتَجِبْ لَكُمْ

''મને પોકારો (દોઆ કરો) હું તમારો જવાબ આપીશ.''

તેથી માણસે દોઆ કરતા પહેલા દોઆની રીત જાણી લેવી જોઇએ. અલ્લાહે પોતાના રહેમ અને કરમથી થોડી રીત પણ નક્કી કરી છે. જે અચૂક જાણી લેવી જોઇએ. જો માણસ દોઆની રીત જાણતો હશે તો અલ્લાહ (તબારક - વ - તઆલા) તેનો હેતુ સહેલાઇથી પાર પાડશે.

### સાચા માર્ગ ઉપર હિદાયત :

દોઆ કબુલ થવા માટે અલ્લાહની હુજ્જતનો વસીલો હોવો જરૂરી છે, જે અલ્લાહના સાચા માર્ગ ઉપર હિદાયત કરે છે. જેને 'અલ્લાહનો દરવાજો' કહેવામાં આવ્યા છે. જેમની મારફતે અલ્લાહ સુધી પહોંચી જવાય છે. ખુદા ફરમાવે છે :

وَابۡتَغُوۡآ اِلَیۡهِ الۡوَسِیۡلَةَ

''..... અને તેના માટે વસીલાની શોધ કરો.''

(સુરએ માએદાહ : ૩૫)

દોઆ કબુલ થવી તેઓ (અ.સ.) ના ઉપર સલવાત અને બરકતો થકી છે. આ પવિત્ર હસ્તીઓ સમગ્ર જગતની બલાઓ અને પરેશાનીઓ દૂર કરવાનું માધ્યમ છે.

### આ પવિત્ર હસ્તીઓ કોણ છે?

તેઓ રસુલે અકરમ (સ.અ.વ.) અને આપના પવિત્ર સંતાનો (અ.સ.) છે. જેમકે આપે (અ.સ.) વસીયત કરી.

اِنِّی تَارِکٌ فِیکُمُ الثَّقَلَینِ ' کِتَابَ اللّٰهِ ' وَ عِترَتِی اَهلَ

بَیتِی ' مَا اِنْ تَمَسَّکْتُمْ بِهِمَا لَن تَضِلُّوا بَعدِی

''બેશક હું તમારી વચ્ચે બે અમૂલ્ય વસ્તુઓને છોડીને જઇ રહ્યો છું. એક અલ્લાહની કિતાબ અને બીજી મારી ઇતરત, મારી અહલેબયત (અ.સ.) છે. જો તમે તે બન્નેને વળગીને રહેશો તો ક્યારેય ગુમરાહ નહિ થાવ.''

અહલેબયત (અ.સ.) એ પવિત્ર પ્રતિભાઓ છે જેઓના ઉપર સૌથી શ્રેષ્ઠ બરકતો ઉતરી છે. આજના આ જમાનામાં ખાલીક અને મખ્લુક (અલ્લાહ અને લોકો) વચ્ચે આ દુનિયા ઉપર વસીલો અને ઝરીઓ અને અલ્લાહની ખાસ હુજ્જત ઇમામ મહદી (અ.સ.) છે. (પરવરદિગાર આપ (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી કરે.)

આ પસંદ કરાએલા શખ્સો એ છે જેમણે લોકોને દોઆ અને ઇબાદતની રીત સમજાવી છે. આ હઝરતો (અ.સ.) ના શબ્દો અલ્લાહના શબ્દોથી ઉતરતા અને લોકોના શબ્દોથી અફઝલ છે. આ કારણે જે કોઇ શખ્સે તેઓના શબ્દો સાંભળ્યા તો કહેવા લાગ્યા 'આપના કલામ નુર છે.'

### દોઆમાં બોધપાઠો :

ઇસ્લામી શિક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે માત્ર દોઆ પુરતી નથી. દોઆની સાથે અમલ, કોશીશ અને અડગ મનોબળ હોવું જોઇએ. જેણે રોજી મેળવવી છે, તેણે દોઆની સાથે કોશીશ પણ કરવી જોઇએ. તેવી જ રીતે ઇલ્મ મેળવવાની ઇચ્છા ધરાવતો હોય અને અજ્ઞાનતાથી દૂર રહેવા માગતો હોય તેણે દોઆની સાથે ઇલ્મ મેળવવા માટે કોશીશ કરવી જોઇએ.

આપણી દોઆઓમાં એવા અસંખ્ય બોધપાઠો છે જેનો સંબંધ સારા અખ્લાકો અને ઇલાહી માઅરેફત સાથે છે. જેમકે દોઆએ જવશને કબીર અને દોઆએ મકારેમુલ અખ્લાક, જે સદ્‌ગુણના વિષયોથી ભરપુર છે. એક સાચો મોમીને પોતાની જાતને આ વિશેષતાઓથી શોભાયમાન કરવા જોઇએ જે દોઆઓમાં દર્શાવવામાં આવી છે. અબુ હમઝા સેમાલીની દોઆ આ વિષે ઇશારો કરે છે કે અલ્લાહનો રહેમ અને કરમ, તેના ગુસ્સા અને ગઝબ ઉપર કેવી રીતે છવાએલા છે. દોઆએ નુદબાહમાં ખૂબજ સુંદર રીતે અલ્લાહની હુજ્જતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમને અલ્લાહે એક પછી એક મોકલ્યા. જેમાં હઝરત આદમ (અ.સ.) થી હઝરત ખત્મી મરતબત (સ.અ.વ.) અને આપ (અ.સ.)ના છેલ્લા વારસદાર ઇમામ મહદી (અ.સ.) સુધીની વિગતો આવેલી છે. તે હઝરતો (અ.સ.) ને ઇજાઓ પહોંચાડવામાં આવી તેનો ખુલાસો પણ રજુ કરવામાં આવ્યો છે. દોઆએ ફરજમાં એ વાતની ચોખવટ કરવામાં આવી છે કે હઝરત સાહેબુઝઝમાન (અ.સ.) જ રસુલે અકરમ (સ.અ.વ.) ના વારસદાર છે. જે આ દુનિયાને એવી રીતે અદલ અને ઇન્સાફથી ભરી દેશે જે રીતે તે જુલમ અને અત્યાચારથી ભરાએલી હશે. આપ (અ.સ.)ના ઝુહુરથી

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ عَلِیٌّ وَلِیُّ اللّٰهِ

સર્વ સામાન્ય બની રહશે અને દરેક જગ્યાએ અલ્લાહની સાચી ઇબાદત થતી હશે.

### દોઆના નિયમો :

અલ્લામા મજલીસી (ર.અ.) તેમના પુસ્તક મિશ્કાતુલ અન્વારમાં દોઆના નિયમોના પ્રકરણમાં લખ્યું છે, ''એ જાણી લો કે દોઆ વાતચીત છે તેની સાથે, જેની સમક્ષ બધી જરૂરીયાતો રજુ કરવામાં આવે છે અને તે તેને સ્વિકારે છે. તેથી માણસે દોઆનો મૂળ અર્થ સમજવો જોઇએ. તે દિલના ઉંડાણમાંથી દોઆ કરે. દોઆમાં સૌથી મહત્વની બાબત એ છે કે દોઆમાં એ વાતનો ખાસ ખ્યાલ રાખે કે આજીજી અને નમ્રતા એ સમયે હોવી જોઇએ, જ્યારે તે બુઝુર્ગ અને સૌથી મહાન અલ્લાહ, જે સર્જનહાર છે, રોજી આપનાર છે, તેની સામે પોતાની માગણી રજુ કરે.

❋ જ્યારે કોઇ માણસ ખુદાના કોઇ બંદા પાસે કોઇ માગણી કરે છે ત્યારે તેના માટે દરેક કામ કરવા માટે તૈયાર થઇ જાય છે અને જ્યાં સુધી તે રાજી ન થાય ત્યાં સુધી જરાપણ આળસ નથી કરતો. આ માણસ તે દરેક બાબતોથી દૂર રહે છે, જે આ બન્દો નાપસન્દ કરે છે. બિલ્કુલ તેવી જ રીતે આ બધી બાબતો અલ્લાહ તબારક વ તઆલા માટે આથી વિશેષ રૂપે કરવી જોઇએ. તેથી જે અલ્લાહની સાચી ઇબાદત કરે છે, તે એ વાતનું ધ્યાન

રાખે છે કે એવો અમલ કરે, જેના અમલથી અલ્લાહની વધુને વધુ તાબેદારી થાય અને તેની નજદિકી મેળવે. રસુલ અકરમ (સ.અ.વ.) ફરમાવે છે :

الدَّاعِیُ بِلَا عَمَلٍ کَالرَّا مِیِی بِلَا وَتَرٍ

''જે માણસ અમલ વગર દોઆ કરે છે તે એવા તીરઅંદાજની જેવો છે જેની પાસે કમાન ન હોય.''

(બેહારૂલ અન્વાર, ભાગ - ૩૯, પા. ૨૧૩)

✻ દોઆ સ્વિકારવાની એક શરત મઅરેફતની કમાલ પણ છે. અર્થાત : ખુદાની જેટલી મઅરેફત વધુ હશે, તેટલી દોઆ કબુલ થવી યકીની હશે.

હઝરત ઇમામ મુસા કાઝિમ (અ.સ.) ને કોઇ શખ્સે સવાલ કર્યો : યબ્ન રસુલીલ્લાહ (સ.અ.વ.) અમે દોઆ માંગીએ છીએ પણ કબુલ નથી થતી.

આપ (અ.સ.) એ કહ્યું : તમે તેને ઓળખો પણ છો જેની પાસે દોઆ માગો છો?

✻ દોઆ કબુલ થવાની શરતમાં તેની બારગાહમાં રડવું અને આજીજી કરવી. બંદો જેટલી નમ્રતા અને આજીજી અલ્લાહની બારગાહમાં આંસુ સારીને કરશે, તેટલીજ હદે અલ્લાહ તે બંદાની તરફ ધ્યાન આપશે.

✻ દોઆ કરવાના નિયમોમાં દોઆને ખાનગી રાખવી જરૂરી છે. તે કરીમ અને રહીમ ખાનગીમાં દોઆ માંગવાને વધુ પસંદ કરે છે. આવી જ રીતે ઇમામ (અ.સ.) નું કથન છે.

فَاقْبِلْ بِقَلْبِكَ فَظُنَّ حَاجَتَكَ بِالْبَابِ

''પછી દિલથી દોઆ કરો અને યકીન કરો કે તમારી હાજત કબુલિય્યતના દરવાજા સુધી પહોંચી ગઇ છે.'' (જરૂર કબુલ થશે.)

✻ દોઆ કબુલ થવા માટે એ પણ છે કે બીજાની હાજતોને પોતાની હાજતોનો વસીલો બનાવે. અર્થાંત જો કોઇ માણસ પોતાની હાજત કોઇ કરીમની પાસે લઇ જાય અને બીજાની હાજતને ખુદાએ કરીમ પાસે રજુ કરે તો એ ખુદની હાજત પૂરી થવાનું કારણ બનશે. વિશ્વાસપાત્ર હદીસમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

مَنْ قَدَّمَ اَرْبَعِیْنَ رَجُلاً مِنْ اِخْوَا نِه فَدَعَا لَهُمْ

ثُمَّ دَعَا لِنَفْسِه اُسْتَجِیْبَ لَهٗ فِیْ نَفْسِه

''જે માણસ પોતાના (ઇમાન ધરાવતા) ભાઇઓમાંથી ચાલીસ મોઅમીનોને આગળ રાખે (પોતા કરતાં શ્રેષ્ઠ જાણીને અગ્રતા આપે) અને તેઓના માટે દોઆ કરે પછી પોતાના માટે દોઆ કરે તો તેની દોઆ અને બીજા લોકો માટેની દોઆ જરૂર કબુલ થશે.''

(બેહારૂલ અન્વાર, ભાગ - ૩૯, પા. ૩૮૩)

તેથી આ હદીસોથી એ જાણી શકાય છે કે જ્યારે પણ આપણે ઇચ્છા કરીએ કે અલ્લાહ સમક્ષ આપણી દોઆ કબુલ થાય તો આપણે આપણી હાજતોની પહેલા, આપણા જમાનાના ઇમામ (અ.સ.) ને માટે દોઆ કરવી જોઇએ આ એટલા માટે કે ચોક્કસ ઇમામ (અ.સ.) જ અલ્લાહની બધી નેઅમતોના માલિક અને મોઅમીનોના સરદાર છે.

✻ દોઆ કબુલ થવા માટેની સૌથી મહત્વની શરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલવાની છે.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

کَانَ الدُّعَاءُ مَحْجُوْبًا حَتّٰی

یُصَلِّیَ عَلیٰ مُحَمَّدٍ وَّآلِ مُحَمَّدٍ

''દોઆ હિજાબમાં છુપાએલી રહે છે, જ્યાં સુધી મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલવામાં આવે.''

(કાફી, ભાગ - ૨, પા. ૪૯૧-૪૯૩)

## ઇમામે અસ્ર (અજ.) ના માટે દોઆનું કારણ:

આપણે જાણીએ છીએ કે પરવરદિગારે વાયદો કર્યો છે કે તે બધા નબીઓ (અ.સ.) અને વસીઓ (અ.સ.) ઉપર થએલા જુલ્મોનો બદલો લેશે; ખાસ કરીને ઇમામ હુસયન (અ.સ.) ના ખુનનો. પછી એક એવો દિવસ અચૂક આવશે જ્યારે સમગ્ર જગત ઉપર દીને ઇસ્લામનો ધ્વજ લહેરાશે અને કુફ્રનો નાશ થઇ જશે. વાયદાનું પુરૂં થવું જરૂરી છે. અને ન્યાયની તાકીદ - તગાદો પણ છે. તેથી અલ્લાહનો આ વાયદો ઝડપથી પૂરો થાય તે માટે આપણે ઇમામે ઝમાના (અ.સ.) નો ઝુહુર જલ્દી થાય તે માટે દોઆ કરવી જોઇએ. જેના માટે ઇમામ (અ.સ.) એ ખુદે આપણને તાકીદ કરી છે :

وَ اَکْثِرُوا الدُّعَآءَ بِتَعْجِیْلِ الْفَرَجِ فَاِنَّ ذَالِكَ فَرَجُکُمْ

(બેહારૂલ અન્વાર, ભાગ - ૨૫, પા. ૨૯)

''અને ઝુહુરને માટે વધુને વધુ દોઆ કરો તેમાં તમારી ભલાઇ છે.'' આપ (અ.સ.) ના ઝુહુર માટે દોઆ કરવાની આપણી અગત્યની જવાબદારી છે. તદુઉપરાંત દોઆ

આપણા માટે લાભદાયક છે. આ જવાબદારી આપણી ફરજમાં શામેલ છે.

### ઈમામે ઝમાના (અજ.) માટે દોઆ કરવાના લાભોઃ

ઈમામે ઝમાના (અ.સ.) માટે દોઆ કરવાના લાભો માત્ર આ દુનિયામાંજ નહિ પરંતુ આખેરતમાં પણ છે. અહિં થોડા લાભો દર્શાવ્યા છે.

### આ દુનિયાના લાભો :

૧. દોઆ કરવી તે ખરેખર તો રસુલ અકરમ (સ.અ.વ.) સાથે સીલે રહેમ છે. ઈમામે બાકીર (અ.સ.) ફરમાવે છે.

صِلَةُ الْاَرْحَامِ تُزَكِّىْ الْاَعْمَالَ وَ تَنْمَى الْاَمْوَالَ وَ

تَدْفَعُ الْبَلْوىٰ وَ تُيَسِّرُ الْحِسَابَ وَ تُسِى فِى الْاَجَلِ

''સીલે રહેમ આમાલને પાક કરે છે, સંપત્તિમાં વધારો કરે છે, બલાઓને દૂર કરે છે, હિસાબમાં રાહત આપે છે. અને મોતને મુલતવી કરી દે છે.''

(બેહારૂલ અન્વાર, ભાગ - ૪૭, પા. ૧૧૧)

૨. મુસીબતો દૂર થાય છે અને રોજીમાં વધારો થાય છે.

૩. બીજી દોઆઓ કબુલ થવાનું કારણ બને છે.

૪. માણસને ઈમામ (અ.સ.) ના દીદાર માટે તૈયાર કરે છે. પછી તે સપનામાં હોય કે જાગૃતવસ્થામાં.

૫. નેઅમતોનો વધારો કરે છે.

૬. અલ્લાહની મદદ આપણી સાથે રહે છે અને દુશ્મનો ઉપર વિજય મળે છે. અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે.

اِنْ تَنْصُرُوْ اللّٰهَ يَنْصُرْ كُمْ

''જો તમે અલ્લાહની (ના કામની મદદ કરવામાં સહાય કરશો) મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે.''

૭. આપણે દોઆએ અહદમાં પડીએ છીએ, તે મુજબ ઈન્સાન આપ (અ.સ.)ના ઝુહુરના સમયે દુનિયામાં ફરી વખત પાછો ફરશે.

૮. ઈન્સાન ઈમાન પર સાબિત કદમ રહે છે અને આખર જમાનાના ફીત્નાઓથી સુરક્ષિત રહે છે.

૯. ઈન્સાન અલ્લાહના અઝાબથી દૂર રહે છે.

૧૦. રિવાયતમાં દર્શાવ્યા મુજબ ઈમામ (અ.સ.) ના ઝુહુર માટે પરવરદિગાર પાસે મદદની સતત માગણી અને ઝુહુરને નજદિક કરવા માટે પૂર્વ ભૂમિકા તૈયાર કરવાનું કારણ છે.

### આખેરતના લાભો :

અલ્લામા મોહમ્મદ તકી ઈસ્ફહાની તેમના પુસ્તક 'મીક્યાલુલ મકારિમ' ના પાંચમા પ્રકરણમાં ઈમામે ઝમાનો (અ.સ.) માટે દોઆ કરવાના અસંખ્ય લાભ લખ્યા છે જે અમે અહિં ટૂંકાણમાં દર્શાવીએ છીએ :

૧. જે માણસ ઈમામે ઝમાના (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી કરવા માટે દોઆ કરે છે તે કયામતના દિવસે રસુલે અકરમ (સ.અ.વ.) અને આપ (અ.સ.) ના પવિત્ર સંતાનો (અ.સ.)ની શફાઅત મેળવવા માટે હકદાર બનશે.

૨. કયામતના દિવસે ઈમામ મહદી (અ.સ.) ની શફાઅત મળશે.

૩. ગુનાહ માફ થઈ જશે.

૪. ઈમામ હુસયન (અ.સ.) ના ખૂનનો બદલો લેવાનો અજ્ર (બદલો) મળશે.

૫. કુરઆને કરીમના નુર થકી હિદાયત મળશે.

૬. અલ્લાહ (તબારક - વ - તઆલા)નો સૌથી વધુ નજદિકનો બંદો બનશે.

૭. સિત્તેર હજાર ગુનેહગારોની શફાઅત કરશે.

૮. કયામતના દિવસે તેનું દિલ નિશ્ચિંત હશે.

૯. વીસ હજ અને ઉમરાનો સવાબ મળશે.

૧૦. કયામતના દિવસે હજાર ઈચ્છાઓ પૂરી થશે.

૧૧. જે ઈમામે ઝમાના (અજ.) ના ઝુહુર માટે દોઆ કરે છે તેના ગુનાહોની માફી માટે ફરિશ્તા દોઆ કરે છે.

૧૨. શયતાન ભય પામે છે અને નિરાશ થઈ જાય છે.

૧૩. સમગ્ર જગતના સર્જનનો ત્રીજા ભાગનો બદલો મેળવવા બરાબર છે.

૧૪. મૃત્યુ, બરઝખ અને કયામતનો સમય તેના માટે ખુશખબરનો અને સાનુકુળતાઓનો છે.

૧૫. ઈમામે ઝમાના (અજ.) ના ધ્વજની નીચે શહીદ થનારાઓનો બદલો અને સવાબ છે.

૧૬. જે મજલીસોમાં હઝરત કાએમે (અ.સ.)ના ઝુહુરની દોઆ થાય છે ત્યાં મહાન મલાએકાઓની હાજરી હોય છે.

૧૭. વિશ્વાસ પાત્ર રિવાયતો મુજબ ગયબતમાં ઈમામ (અ.સ.)ના માટે દોઆ કરવી તે ઝુહુર થયા પછી દોઆ કરવાથી વધુ સારી છે.

### ઝુહુરની દોઆ માટેના ખાસ સમય :

ઉપર દર્શાવેલ પુસ્તકોમાંથી ઝુહુર માટે દોઆ કરવાના નક્કી કરેલા ખાસ સમયો લીધા છે. જે નીચે મુજબ છે.

૧. અરફાનો દિવસ (૯મી ઝીલહજ)
૨. ઇદુલ ફીત્રનો દિવસ
૩. ઇદુઝ્ઝોહાનો દિવસ
૪. દહયુલ અર્ઝ
૫. આશુરાનો દિવસ
૬. ૧૫, શાઅબાનની રાત્રે
૭. ૧૫, શઅબાનના દિવસે
૮. રમઝાન મહિનો
૯. રમઝાન મહિનાની ૬ઠ્ઠી રાત્રે
૧૦. રમઝાન મહિનાની ૧૨ મી રાત્રે
૧૧. રમઝાન મહિનાની ૧૮ અને ૧૯ મી રાત્રે
૧૨. રમઝાન મહિનાની ૨૧મી તારીખે
૧૩. ઇમામ હુસયન (અ.સ.) ના મસાએબ પછી
૧૪. ઇમામે ઝમાના (અજ.) ની ઝિયારત પછી
૧૫. અલ્લાહના ખૌફથી રડતી વખતે
૧૬. દરેક નવી નેઅમત મળવાના અને મુસીબત દૂર થવાના સમયે
૧૭. દુઃખ અને મુસીબતના સમયે
૧૮. કસોટીના સમયે
૧૯. તસ્બીહ પછી
૨૦. પોતાના કુટુંબીજનો માટે દોઆ કરવાની પહેલા
૨૧. ગદીરના દિવસે
૨૨. દરેક સમયે દિવસ અને રાત
૨૩. વિરોધીઓ અને ઇમામ (અ.સ.) ના હકને છીનવી લેનારાઓની મજલીસમાં
૨૪. સતત ચાલીસ દિવસ દોઆ
૨૫. મોહર્રમના મહિનામાં

## ઝુહુરની દોઆ માટેના ખાસ સ્થળોઃ

જેવી રીતે ખાસ સમય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તેવી જ રીતે થોડા એવા સ્થળો છે જ્યાં દોઆ કરવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે જે નીચે મુજબ છેઃ

૧. મસ્જીદુલ હરામ
૨. અરફાત
૩. સરદાબ
૪. એ સ્થળો જે ઇમામે ઝમાના (અ.સ.) સાથે સંબંધ ધરાવે છે. જેમ કે : કુફા, મસ્જીદે સહલા, મસ્જીદે સઅસા, મસ્જીદે જમકરાન વિ.
૫. ઇમામ હુસૈન (અ.સ.) ની પવિત્ર કબર
૬. ઇમામ રઝા (અ.સ.) ની પવિત્ર કબર
૭. સામર્રામાં ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.)ની પવિત્ર કબરો.

## સમાપન :

અંતમાં અમે ખુદાવંદે આલમ પાસે દોઆ કરીએ છીએ કે અમારી નમ્ર કોશીશોને કબુલ કરે. અમે જાણીએ છીએ કે અમારા આ નાનકડા તોહફાની કોઇ વિસાત નથી. તેમ છતાં અમે તેની રહેમત અને મગફેરતના ઉમેદવાર છીએ અને આ દોઆ કરીએ છીએ :

يَا اَيُّهَا الْعَزِيْزُ مَسَّنَا وَ اَهْلَنَا الضُّرُّ وَ جِئْنَا

بِبِضَاعَةٍ مُّزْجَاةٍ فَاَوْفِ لَنَا الْكَيْلَ وَ

تَصَدَّقْ عَلَيْنَا اِنَّ اللّٰهَ يَجْزِى الْمُتَصَدِّقِيْنَ

‘‘...એ અઝીઝ! અમે અને અમારૂં આખું કુટુંબ ઘણી તકલીફમાં છે. અમે થોડી મુડી લઇને આવ્યા છીએ. આપ તેના બદલામાં પુરૂં અનાજ અપાવી દો અને અમને તમારો સદકો અને ખેરાત આપો. એમાં તો કોઇ શંકા નથી કે ખુદા સદકો આપનારને સારો બદલો આપે છે.’’

(સુરએ યુસુફ : ૮૮)

શાહી પુરી થઇ ગઇ, પરંતુ આંસુઓની નદી વહેતી જાય છે. જ્યારે જ્યારે અમારા મહેબુબ આકાની જુદાઇનો દિલમાં અહેસાસ થાય છે. એટલે સુધી કે કોઇનો અવાજ સંભળાય છે, કોઇ કહી રહ્યું છે, ‘‘સબર કરો તે જરૂર આવશે.’’ પરંતુ દિલમાં આ સવાલ વારંવાર આવે છે કે ‘‘છેવટે ક્યારે?’’ જેમ જેમ આ દોઆ અને ફરિયાદમાં રાત અને દિવસ પસાર થાય છે તેમ તેમ આંખોનો પ્રકાશ ઝાંખો પડતો જાય છે. કમર ઝૂકી ગઇ છે. નબળાઇ અને વૃદ્ધાવસ્થાથી વાળ સફેદ થતા જાય છે. મૃત્યુ ઘણી ઝડપથી આગળ વધીને તેની પકડમાં લેનાર છે. આ નિર્બળ અંધકારમાં દિલથી અવાજ ઉઠે છે :

مَتٰى تَرَانَا وَ نَرَاكَ وَ قَدْ نَشَرْتَ لِوَاءَ النَّصْرِ تُرٰى

‘‘મૌલા ! અમે આપની ઝીયારતથી ક્યારે નસીબવંતા થશું, ત્યારે અમે આપને વિજય અને સફળતાનો ધ્વજ લહેરાવતા જોશું.’’

(દોઆએ નુદબાહ)

# લબે એજાઝ પર હય ઈસ્મે અઅઝમ અબ તો આજાઓ

રૂખે મહતાબ હય તસ્વીરે પુરગમ અબ તો આ જાઓ
હુઇ જાતી હે ઝવ તારોં કી મદ્ધમ અબ તો આ જાઓ

ગમે ફુરકત હય તારીકી હય ઔર હમ અબ તો આ જાઓ
ચીરાગે ઝીસ્તકી લૌ હો ગઇ કમ અબ તો આ જાઓ

રહે ફુરકતમેં કબ સે કેહકશાં મશગુલે ગીર્યા હય
બના હય અર્શ કબસે બઝમે માતમ અબ તો આ જાઓ

ઘટાએ સર પટકતી હય ગીલા કરતી હય રો રો કર
સંવારે કૌન ઉન્કી ઝુલ્ફે બરહમ અબ તો આ જાઓ

જહાને રંગો બુ મેં હય તલાતુમ દૌરે ફુરકત સે
યહાં મુશ્તાક અબ તન્હા નહિં હમ અબ તો આ જાઓ

ખુદ અપની શકલ આઇને મેં પહચાની નહિ જાતી
બદલ કર રહ ગયે હંય કિસ કદર હમ અબ તો આ જાઓ

ફઝાં મેં ધજ્જીયાં ઉડતી હય અબ ચાકે ગરેબાંકી
ખેરદ ખુદ કર રહી હય મેરા માતમ અબ તો આ જાઓ

શબે ફુરકત મેં મેરી અશક અફશાની જો દેખી હય
મેરા હસરત સે મુંહ તકતી હય શબનમ અબ તો આ જાઓ

જનાબે ખીઝ (અ.સ.) ને હમસે પતા પૂછા હય હઝરતકા
મોહબ્બત મે યહાં તક આ ગએ હમ અબ તો આ જાઓ

દવાએ થક ચૂકી હંય ઝરૂરત ચારા સાઝી કી
કસમ હય તુમ કો રશ્કે ઇબ્ને મરયમ અબ તો આ જાઓ

દફીયા ઇન્તેશારે દહેરકા તુમસે હય વાબસ્તા
સુકુને અર્ઝકી ઝુલ્ફેં હય બરહમ અબ તો આ જાઓ

ઝમીં કો ઇસ ફસાદે બાહમીસે પાક કરના હય
ફરિશ્તે મુન્તઝીર હય ફખ્રે આદમ અબ તો આ જાઓ

સીસકતી હય યહાં મજબુરીયાં સફ્ફાક હાથોમેં
સબુતે અદલ ખલ્લાકે દોઆલમ અબ તો આ જાઓ

નબી કી આખરી તસ્વીર કા મુશ્તાક આલમ હય
સુકુને કલ્બે ઝહરા જાને ખાતમ અબ તો આ જાઓ

કીસી મઝલુમ કા લેના હય તુમ કો ઇન્તેકામ આખીર
જલાલે ઝુલજલાલ રબ્બે અકરમ અબ તો આ જાઓ

જો ઘુટકર રહ ગએ હય વલવલે અબ્બાસે ગાઝીકે
ઇસી હયબત કે મઝહર દિં કે ઝયગમ અબ તો આ જાઓ

ગીલાફે સબ્રસે અબ ઝુલ્ફીકારે હયદરી નીકલે
લબે એઅજાઝ પર અય ઇસ્મે આઅઝમ અબ તો આ જાઓ

રીયાઝ ઇત્ની કોઇ કર દે સિફારીશ મેરી જાનીબ સે
હય જાને કો કોઇ દમમે મેરા દમ અબ તો આ જાઓ

(રિયાઝ નૌગાંવી)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ اَدْرِكْنَا



# દુનિયાની શાંતિનો એક માત્ર માર્ગ

દુનિયા ફરી પોતાના કરતૂતોની સજા ભોગવી રહી છે. વર્તમાન સમયમાં ચારે બાજુએ અશાંતિ ફેલાએલી છે. મારા મારી, લૂટફાટ, ગભરાટ, અવિશ્વાસ, રોઝીની તંગી..... આ બધું ખુદ માનવીની પોતાની કરણીનું પરિણામ છે. ખુદાવન્દે આલમે કુરઆને કરીમમાં આ હકીકત તરફ અગાઉથી ધ્યાન દોર્યું છે.

''જમીન અને દરિયાની બુરાઇઓ માનવીની પોતાની કરણીનું પરિણામ છે.''

(સુરએ રૂમ : ૪૧)

આપણને એક આદત પડી ગઇ છે કે દરેક કામમાં બીજાને જવાબદાર ઠરાવી દઇએ છીએ અને આપણે ખુદ જવાબદારીમાંથી છટકી જઇએ છીએ. સવાલ એ ઊભો થયા છે કે જો બધા જવાબદારીમાંથી છટકી જાય તો જવાબદાર કોણ રહે? ખરેખર તો આપણે બધા જવાબદાર છીએ. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું છે. ''તમારામાંથી દરેક જવાબદાર છે.'' કુરઆને કરીમમાં ફરમાવ્યું છે. ''દરેકને બસ એટલી જવાબદારી આપવામાં આવી છે જેટલી તે ઉપાડી શકે છે.'' બલ્કે ખરેખર તો માનવી જેટલી જવાબદારી ઉપાડી શકે તેના કરતાં ઓછી જવાબદારી સોંપવામાં આવી છે. જો આખી દુનિયાની સુધારણા કરવાની આપણે શક્તિ નથી ધરાવતા તો તે આપણી જવાબદારી પણ નથી. જો એક શહેર, એક ગામ, એક શેરી, એક સોસાયટી કે એક ઘરના માટે આપણે કાંઇક કરી શકીએ છીએ તો જેટલું કરી શકતા હોઇએ બસ એટલી જ આપણી જવાબદારી છે. પરંતુ જો સંપૂર્ણ લાચાર અને મજબુર હોઇએ તો ઓછામાં ઓછુ દરેક જણ પોતાની જાત ઉપર એટલો કાબુ રાખે છે કે તે પોતાની જાત પુરતા સુધારણા માટેના પગલા ભરી શકે. જો આજથી આપણે બીજાને બદલે પોતાની જાત તરફ નજર કરીએ અને પોતાનાજ સંસ્કારો અને પવિત્રતા માટે પાકો ઇરાદો કરી લઇએ તો ધીરે ધીરે તેની અસરો દેખાવા લાગશે. આ રીતે ઘર સુધરી જશે મોહલ્લો શાંતિ અને સલામતિ ભર્યો હશે. ગામની સુધારણા થઇ જશે. શહેરમાં પરિવર્તન આવી જશે. જેમ જેમ આપણે ઝઘડામાંથી સુલેહની તરફ, ગુનાહથી તકવાની તરફ, બુરાઇથી નેકીની તરફ આગળ વધશું તેમ તેમ અસલામતિ સલામતિમાં, કત્લે આમ ભાઇચારમાં લૂટ માર અમાનત દારીમાં, અવિશ્વાસમાંથી વિશ્વાસમાં, તંગ રોઝીમાંથી વિશાળ રોઝીમાં ફેરવાઇ જશે.

જ્યારે ઝઘડાની ચર્ચા થાય છે ત્યારે સામાન્ય રીતે દિલ ગુનાહની કલ્પનાથી ભરપૂર થઇ જાય છે અને પછી જૂઠ, ગીબત, આરોપ, વાજીબાતોને છોડી દેવી, હરામ કામો કરવા, આ બધું સામે આવે છે. આ બધા સૌથી વધુ ખરાબ ગુનાહ છે. કોઇની પાસે ખુદાના હુકમોની નાફરમાની કરવા માટેનું કોઇ બહાનું નથી. આ માણસોના બનાવેલા કાયદાઓ નથી જેમાં હુશિયાર ગુનેહગાર માટે નાફરમાની કરવા માટેના ચોર દરવાજા ખુલ્લા હોય અને સત્તાધારી પક્ષ સાથેની સાંઠ ગાંઠ ધરાવતા લોકો સરપરસ્તી માટે હાજર હોય. આ તો ઇલાહી કાનૂન છે જેમાં બહાનાબાજીને કોઇ અવકાશ નથી.

જે ખુદાની નાફરમાની અને ગુનાહના કામોની ચર્ચા થઇ છે તે આપણી મુશ્કેલીઓનું કારણ છે. પરંતુ માણસની સૌથી મોટી ખરાબી, સૌથી મોટી નાફરમાની અને સૌથી મોટો ગુનોહ તે પવિત્ર હસ્તીનો ઇન્કાર છે કે જેને અલ્લાહે આ દુનિયામાં પોતાના પ્રતિનિધિ, પોતાના વલી, પોતાના ખલીફા બનાવ્યા છે. અને જેમની મોહબ્બત અને તાબેદારી દરેક ઉપર ફરજ અને વાજીબ કરવામાં આવી છે. અને કોઇપણ વ્યક્તિને

પરવાનગી નથી આપવામાં આવી કે તે તેમની તાબેદારી કબુલ ન કરવાનું બહાનું રજુ કરે અને બિન જવાબદાર રહે.

હદીસે કુદસીમાં ખુદાવન્દે આલમ ઈરશાદ ફરમાવે છે :

''સૌથી મહાન તાબેદારી મારા એક હોવાનો (તૌહિદનો) એકરાર, મારા નબીનું સમર્થન કરવું અને તે લોકોને શરણે થવું કે જેમની નબીએ પોતાના પછી નિમણુંક કરી છે અને તે અલી બીન અબી તાલીબ અને તેમના વંશના પવિત્ર ઈમામો (અ.સ.) છે.''

(બેહારૂલ અન્વાર, ભાગ – ૨૭, પાના નં. ૯૬, હ. ૫૯)

એક બીજી હદીસે કુદસીમાં આ રીતે છે :

''એ મોહમ્મદ! જો મારો કોઈ બંદો મારી એવી ઈબાદત કરે કે તેના ચૂરે ચૂરા થઈ જાય અથવા ઝાડની જેમ સુકાઈ જાય અને મારી બારગાહમાં તમારી વિલાયત (ઈમામત) નો ઈન્કાર કરીને આવે તો હું તેને કદાપી માફ નહિ કરૂં સિવાય કે તે તમારી વિલાયતને સ્વિકારે.''

(બેહારૂલ અન્વાર, ભાગ – ૨૭, પાના નં. ૨૦૦)

પહેલી હદીસમાં અહલેબયત (અ.સ.)ની ઈમામતના સ્વિકારને સૌથી શ્રેષ્ઠ ઈબાદત કહેવામાં આવી છે અને બીજી હદીસમાં ઈમામતના અસ્વિકારને માફી આપવાને પાત્ર ગણાવામાં આવી નથી. માત્ર વિલાયતના ઈન્કારને અક્ષમ્ય ગણવામાં આવેલ છે એટલું જ નહી પરંતુ આ ઈન્કાર તમામ આમાલોના વિનાશનું કારણ છે.

કુરઆને કરીમના સુરએ યુનુસ (અ.સ.)ની આયત ૯૮ માં જનાબ યુનુસ (અ.સ.) ની કૌમની દાસ્તાન વર્ણવવામાં આવી છે. આ કૌમે તેના પ્રતિનિધિ જનાબ યુનુસ (અ.સ.)ની સતત અવગણના અને નાફરમાન એટલી હદ સુધી કરી હતી કે બસ તેમની ઉપર ખુદાનો અઝાબ ઉતરવાની તૈયારીમાં હતો. પરંતુ જ્યારે તે લોકોએ ખુદા પાસે સાચા દીલથી ગુનાહની માફી માગી અને નાફરમાનીથી દૂર થઈને તાબેદાર બની ગયા ત્યારે આવેલો અઝાબ પાછો ફરી ગયો. આ છેલ્લી ઉમ્મતની પણ બધી તકલીફો ત્યારે જ દૂર થશે જ્યારે પીરને છોડીને અહેબયત (અ.સ). ના દરવાજા ઉપર પાછા ફરશે અને જે દિવસે આ દુનિયા ખુદાવન્દે આલમે નિમણુંક કરેલા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ ઓળખાવેલા ઈમામોની ઈમામતનો સ્વિકાર કરશે અને પુરેપુરી રીતે તેમના તાબેદાર બની જશે. તે દિવસે આ દુનિયાનો રંગ જ કાંઈક બીજો હશે. હદીસોની ભાષામાં તે દિવસે દુનિયા ન્યાય અને ઈન્સાફથી એ રીતે ભરાઈ જશે જે રીતે તે અન્યાય અને અત્યાચારથી ભરેલી હશે.

અત્યારે આપણી અગત્યની જવાબદારી એ છે કે આપણે પોતે ખુદાવન્દે આલમે નક્કી કરેલા ઈમામોની ઈમામતને સ્વિકારીએ અને તેઓના દુશ્મનો અને દુશ્મનોના કામોથી દૂર રહીએ. બીજા લોકોને આ સાચા ઈમામોની તરફ આમંત્રણ આપીએ. જેમની શરૂઆત હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) અને જેમની અંતિમ કડી હઝરત હુજ્જત ઈબ્નીલ હસન અલ અસ્કરી (અલ્લાહ તેમના ઝુહુરમાં જલ્દી કરે) ઈમામ મહદી અલયહિસ્સલાતો વસ્સલામ છે.

૧૫ શઅબાન તેમનો જન્મ દિવસ છે. આ ભરપૂર ખુશીના પ્રસંગે આપ તમામ સદ્ગ્રહસ્થોને મુબારકબાદ પેશ કરીએ છીએ. મોહમ્મદ અને આલે મોહમ્મદ અલયહેમુસ્સલામના વાસ્તાથી ખુદાની બારગાહમાં દોઆ માટે હાથો ફેલાવીને કહીએ છીએ ''ખુદા આપણને સૌને જમાનાના ઈમામ અલયહસિસલામના નિખાલસ સાથીદારોમાં અને કુરબાન થનારાઓમાં ગણના કરે.''

- આમીન......

હઝરત મુસા કાઝીમ અલયહિસ્સલામ એ ફરમાવ્યું :

“અમારા શિયાઓ કે જેઓ અમારા કાએમ (અ.સ.) ની ગયબતમાં અમારી મોહબ્બત અને ઈમામતને વળગી રહ્યા છે, અમારી વિલાયત ઉપર અડગ છે અને અમારા દુશ્મનોથી નફરત કરે છે તેમના માટે ખુશખબર છે. તેઓ અમારાથી છે અને અમે તેઓથી છીએ. તેઓ અમને ઈમામ તરીકે સ્વિકારે છે અને અમે તેઓના શીયા હોવાથી રાજી છીએ. તેઓને મુબારક થાય, મુબારક થાય. ખુદાની કસમ તેઓ કયામતના દિવસે અમારા દરજ્જામાં અમારી સાથે હશે.”

(કમાલુદ્દીન : પ્ર. ૩૪ હ. ૫)

: પત્ર વ્યવહારનું સરનામું :

એસોસિએશન ઓફ ઇમામ મહદી (અ.જ.), પોસ્ટ બોક્સ નંબર ૧૯૮૨૨, મુંબઇ - ૪૦૦૦૫૦